# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૧૦ એપ્રિલ ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર સુદ ૨ | અંક : ૨૪૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલને મોટો ઝટકો

# કેજરીવાલને ન મળી રાહત, હાઈકોર્ટે ફગાવી ધરપકડ સામેની અરજી

## દિલ્હીની લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર હાઈકોર્ટે પોતાનો ચુકાદો આપ્યા

। નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હીની લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર આજે (મંગળવાર, ૯ એપ્રિલ, ૨૦૨૪) હાઈકોર્ટે પોતાનો ચુકાદો આપ્યો છે. સીએમ કેજરીવાલે ધરપકડને પડકારતી અરજી કોર્ટમાં કરી હતી. દિલ્હી હાઈકોર્ટે એક્સાઈઝ પોલિસી મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમની ધરપકડને પડકારતી સીએમ અરવિંદ કેજરીવાલની અરજીને ફગાવી દીધી છે. ED પાસે પૂરતી સામગ્રી હતી જેના કારણે તેમને કેજરીવાલની ધરપકડ કરવામાં આવી હતી. કેજરીવાલ દ્વારા તપાસમાં ન જોડાવું, તેના કારણે વિલંબથી ન્યાયિક કસ્ટડીમાં રહેલા લોકો પર પણ અસર પડી રહી છે, એમ દિલ્હી હાઈકોર્ટે જણાવ્યું હતું. દિલ્હી હાઈકોર્ટે ધરપકડને પડકારતી અરવિંદ કેજરીવાલની અરજી ફગાવી દીધી હતી. દિલ્હી હાઈકોર્ટે સ્વીકાર્યું કે ઈઙ્ઘ દ્વારા કરાયેલી ધરપકડ કાયદેસર છે. કોર્ટે કહ્યું કે જો જરૂર પડશે તો ઈઙ્ઘ ધરપકડ કરી શકે છે. દિલ્હી હાઈકોર્ટે પણ ટ્રાયલ કોર્ટ દ્વારા ઈડીને આપેલા રિમાન્ડના આદેશને યથાવત રાખ્યો છે. આ સાથે અરવિંદ કેજરીવાલને ન્યાયિક કસ્ટડીમાં મોકલવાના નિર્ણયને પણ યથાવત રાખવામાં આવ્યો છે.આદેશ આપતાં દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે આ જામીનનો મામલો નથી.

**અરવિંદ કેજરીવાલે તેમને ED કસ્ટડીમાં મોકલવા સામે પણ પડકાર ફેંક્યો છે**



**સરકારી વ્યક્તિ હોવાને કારણે કોઈને રાહત મળી શકે તેમ નથી. દિલ્હી હાઈકોર્ટે કહ્યું કે જો તપાસ એજન્સીને લાગે છે કે તપાસ માટે ધરપકડ જરૂરી છે તો તે ધરપકડ કરી શકે છે.તેમની ધરપકડ ઉપરાંત, આમ આદમી પાર્ટી (AAP) ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે તેમને ED કસ્ટડીમાં મોકલવા સામે પણ પડકાર ફેંક્યો છે. EDની કસ્ટડી બાદ કોર્ટે કેજરીવાલને ૧૫ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા હતા. હાલ તે તિહાર જેલમાં બંધ છે.કેજરીવાલે કહ્યું કે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને તેમની ધરપકડ કરવામાં આવી છે. આ લોકશાહી, નિષ્પક્ષ ચૂંટણી અને સમાન તક સહિત બંધારણના મૂળભૂત માળખાનું ઉલ્લંઘન છે. જ્યારે EDએ કહ્યું છે કે કાયદો દરેકને સમાન રીતે લાગુ પડે છે. EDએ દાવો કર્યો છે કે દિલ્હી એક્સાઇઝ પોલિસી બનાવવામાં અને તૈયાર કરવામાં અનિયમિતતાઓ હતી. તેના મુખ્ય કાવતરાખોર અરવિંદ કેજરીવાલ છે.**

### લોકસભા ચૂંટણી પહેલા મહારાષ્ટ્રથી એક મોટી અપડેટ સામે આવી

# મહારાષ્ટ્રમાં MVA ગઠબંધનમાં સીટ વહેંચણીની જાહેરાત કરાઇ

। (એજન્સી) મુંબઈ,તા.૯ ।

લોકસભા ચૂંટણી પહેલા મહારાષ્ટ્રથી એક મોટી અપડેટ સામે આવી છે. વાત જાણે એમ છે કે, લોકસભા ચૂંટણી માટે મહારાષ્ટ્રમાં સ્ફછ એટલે કે મહા વિકાસ અઘાડી ગઠબંધન વચ્ચે સીટની વહેંચણી પર વાતચીત થઈ છે. મહારાષ્ટ્રમાં સ્ફછ ગઠબંધનમાં સીટોની વહેંચણી પર સમજૂતી થઈ છે અને એ પણ જાહેર કરવામાં આવ્યું છે કે કોણ કેટલી સીટો પર ચૂંટણી લડશે. સ્ફછમાં જાહેર કરાયેલ સીટ શેરિંગ ફોર્મ્યુલા મુજબ ઉદ્ધવ ઠાકરેની શિવસેના મહત્તમ ૨૧ બેઠકો પર ચૂંટણી લડશે જ્યારે કોંગ્રેસ ૧૭ બેઠકો પર અને શરદ પવારની NCP ૧૦ બેઠકો પર ચૂંટણી લડશે.શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરે, શરદ પવાર, નાના પટોલે અને બાળાસાહેબ થોરાટે એક પ્રેસ કોન્ફરન્સ કરી અને MVAમાં સીટ વહેંચણીની જાહેરાત કરી. સાંગલી સીટ શિવસેનાના ફાળે




ગઈ છે જ્યારે NCP (શરદ જૂથ) ભિવંડી પર ચૂંટણી લડશે. અગાઉ કોંગ્રેસ આ બેઠક પર પોતાનો દાવો રજૂ કરતી હતી પરંતુ હવે સ્પષ્ટ થઈ ગયું છે કે, કોંગ્રેસ આ બે બેઠકો પર ચૂંટણી નહીં લડે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન નાના પટોલેએ કહ્યું કે, અમે આજે ભારે હૈયે બેઠક વહેંચણીની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, ભ્રષ્ટ સરકારને હટાવવાની છે. સાંગલી અને ભીનવાડીમાં અમારા કાર્યકરો ચોક્કસપણે શિવસેના (UBT) અને NCP (SP) માટે કામ કરશે. કોંગ્રેસના મત ચોક્કસપણે શિવસેના અને એનસીપીને ટ્રાન્સફર કરવામાં આવશે. હવે ભિવંડી અને સાંગલીનો વિષય પૂરો થયો.

### CBSE બોર્ડ દ્વારા વેબસાઈટ પર નવી પેટર્નનું પ્રશ્નપત્ર મુકાયું

# CBSE બોર્ડની ધોરણ ૧૧ અને ૧૨ની પરીક્ષાની પદ્ધતિમાં ફેરફાર

## હાલમાં CBSEએ આ ફોર્મેટ માત્ર ધોરણ ૧૧ અને ૧૨ માટે જ લાગુ કર્યું છે

। (એજન્સી) નવીદીલ્લી,તા.૯ ।

ઝમ્જીઈ બોર્ડની ધોરણ ૧૧ અને ૧૨ ની પરીક્ષાની પદ્ધતિ(પેટર્ન)માં ફેરફાર કરાયો છે. જેમાં નાના – મોટા પ્રશ્નોનું વેઈટેજ ૪૦%થી ઘટાડીને ૩૦% કરાયું છે. જેમાં કોન્સેપ્ટ આધારિત સવાલોનું વેઈટેજ વધારીને ૫૦% કરાયું છે. ઝમ્જીઈ બોર્ડ દ્વારા વેબસાઈટ પર નવી પેટર્નનું પ્રશ્નપત્ર મુકાયું છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત બોર્ડ દ્વારા ફેરફાર કરવામાં આવ્યો છે.ઝમ્જીઈ બોર્ડ દ્વારા વેબસાઈટ પર નવી પેટર્નનું પ્રશ્નપત્ર મુકાયું છે. જેમાં વિદ્યાર્થીઓ ગોખણપટ્ટીના બદલે કોન્સેપ્ટને સમજી શકે તે માટે ફેરફાર કરાયો છે. હવેથી પરીક્ષાઓમાં પ્રશ્નોના લાંબા જવાબો લખવા પડશે નહીં. તેનાથી બાળકોમાં જવાબો યાદ રાખવાની વૃત્તિનો અંત આવશે અને શીખવાની વૃત્તિને પ્રોત્સાહન મળશે. હાલમાં ઝમ્જીઈએ આ ફોર્મેટ માત્ર ધોરણ ૧૧ અને ૧૨ માટે જ લાગુ કર્યું છે. ધોરણ ૯ અને ૧૦ની પરીક્ષા પદ્ધતિમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ફેરફાર નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ પર આધારિત છે.

### વિપક્ષી નેતાના દાવાથી ભારતની ચિંતા વધી

# માલદીવમાં ચીન ગુપ્ત રીતે મિલિટરી પ્રોજેક્ટ હાથ ધરી શકે છે

। (એજન્સી) માલદીવ,તા.૯ ।

માલદીવમાં મોઈજ્જૂના કારણે ચીનની એન્ટ્રી થઈ રહી છે અને ભારત માટે ચિંતા વધી રહી છે. માલદીવની પ્રમુખ વિરોધી પાર્ટી માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટીના અધ્યક્ષ ફૈયાઝ ઈસ્માઈલે તો ચોંકાવનારો આક્ષેપ કરતા કહ્યુ છે કે, માલદીવમાં ચીન કૃષિ પ્રોજેકટના ઓઠા હેઠળ એક ટાપુ પર મિલિટરી પ્રોજેકટ હાથ ધરે તેવી શક્યતા છે. માલદીવના ઉત્તર વિસ્તારમાં આવેલા આ ટાપુ પર ગત એગ્રિકલ્ચર ઈકોનોમિક ઝોન સ્થાપવા માટે માલદીવની સરકારે ચીનની હાર્બર એન્જિનિયરિંગ કંપની સાથે કરાર કર્યા છે. આ કંપનીના ચીનની આર્મી સાથે ઘનિષ્ઠ સબંધો છે. આ એજ કંપની છે જેણે શ્રીલંકાના હંબનટોટા બંદરનુ નિર્માણ કર્યુ હતુ. આ બંદર ખોટ કરતુ હોવાથી શ્રીલંકા પાસેથી ચીને તેને ૯૯ વર્ષના ભાડપટ્ટે પડાવી લીધુ છે.

### મોદીજીના ભાષણોમાં આરએસએસનું પ્રતિબિંબ’

# મલ્લિકાર્જુન ખડગેએ PM નરેન્દ્ર મોદી પર કર્યા પ્રહાર

। (એજન્સી) નવીદીલ્લી,તા.૯ ।

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર જોરદાર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું હતું કે ‘મોદીજીના ભાષણો આરએસએસની ઝાંખી કરે છે.’ મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસના મેનિફેસ્ટો પર પીએમ મોદીના નિવેદનો પર વળતો પ્રહાર કર્યો. તેમણે કહ્યું કે પીએમ મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહના રાજકીય અને વૈચારિક પૂર્વજોએ સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન ભારતીયો વિરુદ્ધ અંગ્રેજો અને મુસ્લિમ લીગને સમર્થન આપ્યું હતું. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે આજે પણ તેઓ મુસ્લિમ લીગને ‘કોંગ્રેસ ન્યાય પત્ર’ વિરુદ્ધ બોલાવે છે જે સામાન્ય ભારતીયોની આકાંક્ષાઓ, જરૂરિયાતો અને માંગણીઓ અનુસાર માર્ગદર્શન અને આકાર આપે છે. મોદી-શાહના વૈચારિક પૂર્વજોએ ૧૯૪૨માં મૌલાના આઝાદના નેતૃત્વમાં મહાત્મા ગાંધીના ભારત છોડો આંદોલનનો વિરોધ કર્યો હતો. બધા જાણે છે કે કેવી રીતે પ્રસાદ મુખર્જીએ ૧૯૪૦માં મુસ્લિમ લીગ સાથે ગઠબંધન કરીને બંગાળ, સિંધ અને દ્રઉહ્મૃંમાં પોતાની સરકારો બનાવી.લોકસભા ચૂંટણી નજીક આવતા જ કોંગ્રેસ ભાજપ પર

### પિક અપ વાહન ૨૦૦ મીટર ઊંડી ખાઈમાં પડતા ડ્રાઈવર સહિત ૮ના મોત

# નૈનિતાલ નજીક મલ્લા ગામમાં ભીષણ માર્ગ અકસ્માત થયો

। (એજન્સી) નૈનિતાલ,તા.૯ ।

નૈનિતાલ નજીક બેતાલઘાટ વિસ્તારના મલ્લા ગામમાં ઉંચાકોટ મોટર રોડ પર ગઈકાલે મોડી રાત્રે લગભગ ૧૦:૩૦ વાગ્યે એક પિક અપ વાહન ૨૦૦ મીટર ઊંડી ખાઈમાં પડી ગયું હતું. આ અકસ્માતમાં ડ્રાઈવર સહિત ૮ લોકોના મોત થયા હતા. વાહનમાં મુસાફરી કરી રહેલા બે નેપાળી મજૂરો ગંભીર રીતે ઘાયલ પણ થયા હતા, જેમને હાયર સેન્ટરમાં રિફર કરવામાં આવ્યા છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ‘ગઈકાલે મોડી રાત્રે પીકઅપ વાહન ખાઈમાં પડી જવાની માહિતી મળતા જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થાનિક લોકોની મદદથી બચાવ કાર્ય શરૂ કર્યું હતું. આ અકસ્માતમાં ડ્રાઈવર સિવાય વાહનમાં નવ નેપાળી મજૂરો હતા.’ તમામ મજૂરો આ વિસ્તારમાં પીવાના પાણીની લાઈન નાંખવાનું કામ પૂરું કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત થયો હતો.

### ગૃહ મંત્રાલયે તેમને આ સુરક્ષા કવચ આપવાનો નિર્ણય કર્યો

# રાજીવ કુમારને મળી ‘Z’ કેટેગરીની સુરક્ષા, IB તરફથી ધમકીના મળ્યા હતા ઇનપુટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।


મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારને Z શ્રેણીની સુરક્ષા આપવામાં આવી છે. IBના ઈનપુટ્સના આધારે ગૃહ મંત્રાલયે તેમને આ સુરક્ષા કવચ આપવાનો નિર્ણય કર્યો છે. કેટલાક સમયથી વિપક્ષી દળોએ પણ ચૂંટણી પંચ પર સરકારના ઈશારે કામ કરવાનો આરોપ લગાવ્યો છે. વિરોધ પક્ષો સામે કાર્યવાહી થઈ રહી છે, જ્યારે ભાજપના નેતાઓ સામે કોઈ કાર્યવાહી થઈ રહી નથી. દરમિયાન, ચૂંટણી પંચે ગૃહ મંત્રાલય પાસે



માગ કરી છે કે સુરક્ષા માટે બંગાળમાં અર્ધલશ્કરી દળોની ૧૦૦ વધારાની કંપનીઓ તૈનાત કરવામાં આવે જેથી કરીને ચૂંટણી કોઈપણ દખલ વિના હાથ ધરવામાં આવે. સૂત્રોના જણાવ્યા અનુસાર ચૂંટણી પંચના આદેશ પર ગૃહ મંત્રાલય દ્વારા CRPFની ૫૫ અને BSFની ૪૫ કંપનીઓ તૈનાત કરવામાં આવનાર છે. ચૂંટણી અધિકારીઓએ આદેશ આપ્યો છે કે અર્ધલશ્કરી દળોની ૧૦૦ વધારાની ટુકડીઓ ૧૫ એપ્રિલ અથવા તે પહેલા તૈનાત કરવામાં આવે. આ પહેલા બુધવારે ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની બેઠક બોલાવી હતી. જેમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો તાગ મેળવ્યો હતો. પશ્ચિમ બંગાળમાં વધારાના દળો તૈનાત કરવાનો આદેશ પણ મહત્વપૂર્ણ છે કારણ કે ત્યાં ચૂંટણી હિંસાનો લાંબો ઈતિહાસ છે. જણાવી દઈએ કે પશ્ચિમ બંગાળમાં ૭ તબક્કામાં ચૂંટણી યોજાવાની છે. પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલે થશે અને છેલ્લા તબક્કાનું મતદાન ૧ જૂને થશે. આ સિવાય પરિણામ ૪ જૂને આવશે. તમને જણાવી દઈએ કે પશ્ચિમ બંગાળમાં લોકસભાની કુલ ૪૨ સીટો છે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં, TMCએ રાજ્યમાં ૨૨ બેઠકો જીતી હતી, જ્યારે ભાજપના ૧૮ ઉમેદવારો વિજયી બન્યા હતા.




## સુરતના વીઆર મોલને બોમ્બ બ્લાસ્ટથી ઉડાવી દેવાનો ધમકી મળી



। (એજન્સી) સુરત,તા.૯ ।

સુરતના વીઆર મોલને બોમ્બ બ્લાસ્ટથી ઉડાવી દેવાનો ધમકી ભર્યો ઈમેલ મળતાં દોડધામ મચી ગઈ છે. સુરતના વીઆર મોલના નામે અજાણ્યા શખ્સોએ ધમકીભર્યો ઈ-મેઈલ કર્યો છે. ઈમેલમાં ધમકી આપવામાં આવી છે કે, વીઆર મોલમાં અમે બોમ્બ બ્લાસ્ટ કરવાના છીએ. જેટલા લોકોને બચાવવા હોય તેટલા લોકોને બચાવી લો. આ પ્રકારનો ધમકીભર્યો ઈમેલ મળતાં જ સુરત પોલીસે હાઈએલર્ટ જાહેર કરીને સમગ્ર મોલને ખાલી કરાવ્યો છે. ઉમરા પોલીસની ગાડીઓ મોલમાં દોડી આવી છે. સમગ્ર દેશમાં ૫૨ સ્થળે બોમ્બ ગોઠવ્યા હોવાનો પોલીસને ઈમેલ મળ્યો છે. એટલે કે માત્ર સુરત નહીં, દેશભરનાં ૫૨ સ્થળોએ બોમ્બ બ્લાસ્ટ કરવાનો ધમકીભર્યો ઈમેલ મળ્યો છે. ઘટનાની જાણ થતા શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને કામગીરી શરૂ કરી હતી. ડોગ સ્કવોર્ડ, બોમ્બ સ્કવોર્ડ સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ધમકી બાદ આખા મોલને ખાલી કરી દેવામાં આવ્યો હતો. મોલ મેનેજમેન્ટે કર્મચારીઓને બહાર નીકળવાની સૂચના આપી હતી.

# એસપી રિંગ રોડને છ લેનનો બનાવવાની કામગીરી પૂરજોશમાં

### પ્રોજેક્ટ માટે નવી જમીન સંપાદનની જરૂર પડશે નહીં કારણ કે ઔડા હાલના ૬૦ મીટર રાઈટ ઓફ વેનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે

। (એજન્સી) અમદાવાદ,તા.૯ ।

અમદાવાદમાં દિવસેને દિવસે ટ્રાફિસની સમસ્યા વકરતી જાય છે. શહેરની બહારના વિસ્તારોમાં પણ ટ્રાફિક વધી રહ્યો છે. તેવામાં અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી એટલે કે ઔડા આગામી પાંચથી સાત વર્ષમાં ભારે ટ્રાફિકની અપેક્ષા રાખીને એસપી રિંગ રોડને છ લેનનો બનાવવાની યોજના બનાવી રહી છે. ઔડાની આ યોજના ઝડપથી અમલમાં આવી શકે છે. ઔડાએ આ પ્રોજેક્ટ અંગે ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ (DPR) તૈયાર કરવા માટે ટ્રાન્સલિંકને રોક્યા છે. આ માટેનો અંદાજીત ખર્ચ ૮૦૦ કરોડ રૂપિયા છે. અમારા સહયોગી ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રકાશિત અહેવાલ પ્રમાણે ડીઆરપીમાં સિક્સ લેન રોડની ડિઝાઈન, ટ્રાફિક, સર્વે દ્વારા જંક્શન પર નવા ફ્લાયઓવરની ઓળખ કરવી તથા રિંગ રોડની પશ્ચિમ અને પૂર્વ બંને બાજુએ અનુક્રમે ભાટ અને કમોદ નદીના બ્રિજના રિનોવેશન અથવા તો એક્ટેન્શનનો પણ સમાવેશ થાય છે. ઔડા દ્વારા તેની ૨૭૪મી બોર્ડ મીટિંગ દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મહત્વની વાત એ છે કે આ પ્રોજેક્ટ માટે નવી જમીન સંપાદનની જરૂર પડશે નહીં કારણ કે ઔડા હાલના ૬૦ મીટર રાઈટ ઓફ વેનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે. વર્તમાન રસ્તાની પહોળાઈ ૬૦ મીટર છે, જેમાં દરેક બાજુ અલગ અલગ પહોળાઈના સર્વિસ રોડ છે. વિસ્તરણ પશ્ચિમ ભાગમાં દરેક બાજુ ૪૨-મીટર મુખ્ય કેરેજવે અને ૯ મીટરના સર્વિસ રોડને જાળવી રાખશે. પૂર્વ ભાગમાં હાલની પહોળાઈ ૭૮ મીટર છે જેમાં ૪૨ મીટર મુખ્ય માર્ગની દરેક બાજુએ ૧૮-મીટર સર્વિસ રોડ જાળવવામાં આવશે. ઔડાના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, દરેક લેન ૩.૫ મીટર પહોળી હશે જેનાથી અમે સર્વિસ રોડ પર રાખી શકીશું. આ પ્રોજેક્ટ માટે જે ખર્ચ થવાનો છે તેના માટે ઔડા ત્રણ ફન્ડિંગ વિકલ્પો અંગે વિચાર કરી રહી છે. જેમાં એક છે ટોલ કલેક્શન સાથે સેલ્ફ-ફંડિંગ. બીજુ છે બિલ્ડ-ઓપરેટર ટ્રાન્સફર મોડલ અને ત્રીજુ છે પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપ. આ ત્રણમાંથી કયા વિકલ્પને પસંદ કરવો તેનો આધાર જે ડીપીઆર પસંદ કરવામાં આવશે તેના એનાલિસિસ પર નિર્ભર રહેશે. ઔડાના અધિકારીએ જણાવ્યું હતું કે, ફંડિંગ માટે કયો વિકલ્પ પસંદ કરવો તે ડીઆરપીના અંતિમ નિર્ણયના મૂલ્યાંકન પછી લેવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, હાલમાં શિલજ ખાતેના એક અને ઓગણજ અંડરપાસ સહિત નવ ફ્લાયઓવરને ઔડા માટે ADB લોન હેઠળ મંજૂર કરવામાં આવ્યા છે. જે પૈકી બે વર્ક પેકેજ મંજૂર કરી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નવા ડીપીઆરમાં જો નવા જંકશન પર ફ્લાયઓવર બનાવવાની જરૂર હશે તો તેની વિગતો કન્સલ્ટન્ટ દ્વારા ડીપીઆરમાં મૂકવામાં આવશે. ૨૦૦૬માં BOT કરાર હેઠળ બાંધવામાં આવેલ એસપી રીંગ રોડ પર ટ્રાફિકમાં ઘણો વધારો જોવા મળ્યો છે. ૨૦૧૭માં સિક્સ-લેન વિસ્તરણને મંજૂરી આપવામાં આવી હતી. કન્સેશનર કંપની ARRILએ ૨૦૧૯માં ૨૦૦ કરોડ રૂપિયાના વિસ્તરણ માટે ભંડોળ આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેમાં તેમની કન્સેશન અવધિ લંબાવવાની શરત હતી. ઔડાએ કંપનીની આ શરતને નકારી કાઢી હતી અને ખર્ચ આકારણી માટે થર્ડ પાર્ટી સલાહકારની નિમણૂક કરવાનું પસંદ કર્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે, ARRIL તેમની કન્સેશન ૩.૫ વર્ષ માટે લંબાવવા માંગે છે. જોકે, ઔડા દ્વારા આ પ્રસ્તાવને નકારી કાઢવામાં આવ્યોહતો. ઔડા બોર્ડે ખર્ચ નક્કી કરવા માટે થર્ડ પાર્ટી સલાહકારની નિમણૂક કરી હતી. આ પ્રોજેક્ટ વધારાના જમીન સંપાદન વિના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારશે. આ પ્રોજેક્ટ અંગે સ્થાનિકોએ પણ રાહત વ્યક્ત કરી છે. જોધપુર ગામમાં રહેતા કાજલ ઝવેરીએ જણાવ્યું હતું કે, હું મારા કામ માટે સામાન્ય રીતે એસપી રિંગ રોડનો ઉપયોગ કરું છું પરંતુ પીક અવર્સ દરમિયાન ત્યાં ભયંકર ટ્રાફિક સર્જાય છે. તેથી રિંગ રોડને સિક્સ લેન બનાવવાથી ટ્રાફિકમાં તો રાહત મળશે જ પરંતુ લોકોનો સમય પણ બચશે.

## ૧૦ અને ૧૭ એપ્રિલની અમદાવાદ-કોલકાતા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે

। અમદાવાદ, તા.૯ ।

પશ્ચિમ મધ્ય રેલવેના જબલપુર ડિવિઝનના કટની-સિંગરૌલી સેક્શનમાં ડબલિંગના સંબંધમાં નોન ઈન્ટરલોકિંગ કાર્યને કારણે અમદાવાદ-કોલકાતા સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે.

૧. ૧૦ અને ૧૭ એપ્રિલ ૨૦૨૪ના રોજ અમદાવાદથી ચાલતી ટ્રેન નંબર ૧૯૪૧૩ અમદાવાદ-કોલકાતા સાપ્તાહિક એક્સપ્રેસ રદ રહેશે.

૨. ૧૩ અને ૨૦ એપ્રિલ ૨૦૨૪ ના રોજ કોલકાતાથી ચાલતી ટ્રેન નંબર ૧૯૪૧૪ કોલકાતા-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસ રદ રહેશે.

ટ્રેનના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.




કરણી સેનાના અધ્યક્ષ રાજશેખાવતને અમદાવાદ એરપોર્ટથી અટકાયત કરીને શાહીબાગ સાયબર ક્રાઈમમાં લાવ્યા હતા.

## સાસણ ગીરમાં સિંહ પાછળ બાઈક દોડાવીને ખુલ્લેઆમ કરાઈ રંજાડ

### સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સાસણ ગીર નેશનલ સફારી પાર્કમાં સિંહની રંજાડનો વીડિયો સામે આવ્યો છે

। (એજન્સી) વડોદરા, તા.૯ ।

જૂનાગઢના ગીર જંગલમાં સિંહોની પજવણી સામેના કડક કાયદા વચ્ચે પણ ફરીથી સિંહની જાહેરમાં રંજાડ થયાની ઘટના સામે આવી છે. સાસણ ગીર નેશનલ સફારી પાર્કમાં પ્રવાસીઓ સિંહ દર્શન કરી રહ્યા હતા.એ સમયે જ બે યુવકો ફુલસ્પીડમાં બાઈક લઈને આવ્યા હતા અને સિંહો પર બાઈક ચલાવવાની કોશીશ કરી હતી. અચાનક બનેલી ઘટનાથી સિંહોમાં નાસભાગ મચી હતી. આ અંગેનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. આ મામલે વનવિભાગ દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સાસણ ગીર નેશનલ સફારી પાર્કમાં સિંહની રંજાડનો વીડિયો સામે આવ્યો છે. પ્રવાસીઓ જીપ્સીમાંથી સિંહ દર્શન કરી રહ્યા હતા. આ દરમિયાન જ સફારીના રસ્તા પર બે અલગ અલગ ગ્રુપમાં સિંહ ફરતા હતા. આ સમયે જ પૂરપાટ ઝડપે બાઈક આવી ચડતા સિંહમાં નાસભાગ થઈ ગઈ છે. આ સમગ્ર ઘટના સફારીમાં સવાર પ્રવાસીઓના કેમેરામાં કેદ થઈ હતી. જે વીડિયો હવે સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે.

### ઈન્દિરાનગરીથી પીપલવાળા તરના રોડ પર પરેશાની

## ઠાસરા પાલિકામાં નાળા પરના રોડનું લેવલિંગ ન કરાતા ૧૫ ગામોને હાલાકી

### સત્વરે રોડનું યોગ્ય રિપેરિંગ કરાય તેવી માંગણી ઉઠી છે

। (એજન્સી) ઠાસરા, તા.૯ ।

ઠાસરા પાલિકા તંત્ર દ્વારા ગટરનું ગંદૂ પાણી કાંસમાં નાખવા માટે રોડ તોડી નાળું નાખવામાં આવ્યું હતું. જ્યાં યોગ્ય લેવલિંગ કે રિપેરિંગ નહીં કરાતા મોટા ખાડા પાડી ગયા છે. જેના લીધે અહીંથી પસાર થતા ૧૫થી ગામના લોકોને હાલાકી પડી રહી છે. ત્યારે સત્વરે રોડનું યોગ્ય રિપેરિંગ કરાય તેવી માંગણી ઉઠી છે.

ખેડા જિલ્લાના ઠાસરા પાલિકા વિસ્તારના ઈન્દિરાનગરીથી પીપલવાળા થઈ ફાગવેલ તરફ ૧૫ જેટલા ગામોને જોડતો ધોરી માર્ગ છે. ત્યારે અહીં એસટી બસ સહિતના મોટા વાહનો રાત- દિવસ અવર જવર કરે છે. આ રોડ ઉપર એક મહિનાથી ઠાસરા પાલિકાએ ગટરનું પાણી કાંસમાં નાખવા માટે રોડ તોડી નાળું નાખ્યું હતું. જ્યાં રોડનું સરખું લેવલિંક કે રિપેરિંગ નહીં કરતા મોટા ખાડા પડી ગયા છે. જેના લીધે અહીંથી પસાર થતા વાહન ચાલકોને શારીરિક ઈજા થવા સાથે વાહનોને નુકસાન વેઠવાનો વારો આવી રહ્યો છે.

ઠાસરા તાલુકાના આ રસ્તા પાસેના નાળા ઉપરથી ૧૫થી વધુ ગામોની જાહેર જનતા અવર- જવર કરે છે. આ પંદર ગામોની જાહેર જનતાને ઠાસરા સરકારી દવાખાનાએ આવવા જવા માટે, ૧૦૮ એમ્બ્યુલન્સને, ઠાસરા તાલુકા મથકે સરકારી કે બેન્કના કામકાજ માટે આ જ રસ્તા ઉપરથી પસાર થવું પડે છે. કપડવંજ અને બાલાસિનોર તાલુકાઓમાં જવા-આવવા માટેનો આ ટૂંકામાં ટૂંકો રસ્તો છે. ત્યારે વહેલી તકે આ રસ્તા ઉપર ખોદકામના ખાડા સમથળ કરી રસ્તો આરસીસી અથવા ડામરનો કરી આપવાની ૧૫ ગામોના ગ્રામજનોની માંગણી છે.

### ફરીએકવખત દ્વારકા જિલ્લામાં રખડતા શ્વાનનો આતંક જોવા મળ્યો

## રૂપામોરા ગામમાં રખડતાં શ્વાને ૧૧ વર્ષની બાળકીને ફાડી ખાતા મોત થયું

### આ હુમલામાં બાળકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી ત્યારબાદ બાળકીને હોસ્પિટલ માટે સારવાર ખેસડવામાં આવી હતી

। (એજન્સી) દેવભૂમિ દ્વારકા, તા.૯ ।

ગુજરાતમાં રખડતા શ્વાન દ્વારા અવારનવાર બાળકો પર હુમલાઓની ઘટનાઓ બનતી છે. સ્ટ્રીટ ડોગ અવારનવાર બાળકો પર હુમલાઓ કરે છે. ત્યારે ફરી એક વખત દ્વારકા જિલ્લામાં રખડતા શ્વાનનો આતંક જોવા મળ્યો છે. રખડતા શ્વાને એક બાળકી પર હુમલો કરતા તેનુ મોત થયું છે. શ્વાને એટેક કરતા ૧૧ વર્ષની બાળકીએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડમાં શ્વાને બાળકીને બચકા ભરતા તેનું મોત થયું છે.

રૂપામોરા વિસ્તારમાં રહેતા હીરાભાઈ પીપરોતરની ૧૧ વર્ષની પુત્રી પુરીબેન પર રખડતા શ્વાને હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં ૧૧ વર્ષની બાળકીનું મોત નીપજ્યું છે. હાલ તો આ ઘટનાને લઈ પરિવારમાં કલ્પાંત જોવા મળી રહ્યો છે. શ્વાને બાળકીને બચકા ભરતા તેનું મૃત્યું થયું છે. શ્વાને બાળકી પર હુમલો કરી શરીર પર બચકા ભરી ફાડી ખાતા મોત થયું છે. આ હુમલામાં બાળકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી. ત્યારબાદ બાળકીને હોસ્પિટલ માટે સારવાર ખેસડવામાં આવી હતી પરંતુ તે પહેલા તેના શ્વાસ બંધ થઈ ગયા હતાં.



### આરોપીના પત્ની સહિતના સગા-સબંધીએ ફરજમાં રૂકાવટ કરી

## વિદેશી દારૂના કેસમાં શખ્સને પકડવા ગયેલા પોલીસકર્મીઓને ધક્કે ચડાવી

### આ બનાવ અંગે વરતેજ પોલીસના કોન્સ્ટેબલે દંપતી સહિત પાંચ સામે બરવાળા પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો છે

। (એજન્સી) ભાવનગર, તા.૯ ।

બરવાળા તાલુકાના ટીમલા ગામે અંગ્રેજી દારૂના ગુનામાં સંડોવાયેલા શખ્સના પકડવા ગયેલા વરતેજ પોલીસના જવાનો સાથે આરોપી અને તેના પત્ની સહિતના સગા-સબંધીઓએ ઝપાઝપી કરી ધક્કે ચડાવી ફરજમાં રૂકાવટ કરી શખ્સને નહીં પકડવા દેવા માટે મદદગારી કરી હતી. જે બનાવ અંગે વરતેજ પોલીસના કોન્સ્ટેબલે દંપતી સહિત પાંચ સામે બરવાળા પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો છે. બરવાળાના ટીંબલા ગામે રહેતો વિજય વિનોદભાઈ રાઠોડ નામના શખ્સ સામે ભાવનગરના વરતેજ પોલીસ મથકમાં પ્રોહિ એક્ટની કલમ ૬૫ એઈ, ૧૧૬બી, ૮૧, ૯૮ (૨) મુજબ ગુનો દાખલ થયેલો હોય, જે ગુનાના કામે આરોપી નાસતો-ફરતો હોવાથી લોકસભા ચૂંટણી અન્વયે ઉપરી અધિકારીની સુચનાથી નાસતા-ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશ હાથ ધરવામાં ચાલતી હોય, દરમિયાનમાં આજે સવારના સમયે વરતેજ પોલીસના કોન્સ્ટેબલ અજીતભાઈ હિંમતભાઈ પનારા, શક્તિસિંહ વિરમદેવસિંહ ચુડાસમા, હેડ કોન્સ્ટેબલ અજીતસિંહ માનસંગભાઈ મોરી સહિતનો સ્ટાફ બરવાળા પહોંચ્યો હતો. ત્યાંથી બરવાળા પોલીસ મથકના એએસઆઈ શક્તિસિંહ તખુભા ગોહિલને સાથે રાખી પોલીસ જવાનોએ ટીંબલા ગામે જઈ આરોપી વિજય રાઠોડને તેના ઘરેથી પકડી પાડી બાદમાં કારમાં બેસાડી પોલીસ મથકે લાવવા નીકળ્યા હતા. ત્યારે શખ્સે બૂમાબૂમ કરતા તેના પત્ની રવિનાબેન, તેના ભાઈ અજયએ આવી તમે કેમ વિજયને પકડી લઈ જાઉ છો તેમ કહેતા શક્તિસિંહ ચુડાસમાએ ફોનમાં વીડિયો ઉતારવાનું શરૂ કર્યું હતું.

# સુરતમાં મહારાજા કૃષ્ણસિંહજી સ્કૂલમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને ડ્રોથી પ્રવેશ અપાશે

। (એજન્સી) સુરત ।

સામાન્ય રીતે પોતાના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે વાલીઓ ખાનગી શાળામાં પ્રવેશ મેળવવાની ઈચ્છા વ્યક્ત કરતા હોય છે. જે જ્ઞાન અને સંસ્કારોની સાથે અદ્યતન સુવિધા ખાનગી શાળાઓમાં મળે છે તે સરકારી શાળાઓમાં મળતી નથી. તેવી માનસિકતા ધરાવતા કેટલાક વાલીઓ માટે સુરતની સરકારી શાળા બોધપાઠ બનીને સામે આવી છે. જે શાળા શહેરની અન્ય ખાનગી શાળાઓમાં પણ પાછળ રહી નથી. સુરતના ઉતરાણ વિસ્તારમાં આવેલી પાલિકા સંચાલિત સરકારી શાળાઓમાં પ્રવેશ મેળવવા વાલીઓનો રીતસરનો ઘસારો જોવા મળી રહ્યો છે. શાળામાં ૩૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા સામે દર વર્ષે ૨ હજાર થી ૩ હજાર વિદ્યાર્થીઓનું વેઈટિંગ લિસ્ટ બોલાય છે. જ્યાં ચાલું વર્ષે પણ પ્રથમ દિવસે ૬૦૦ થી ૭૦૦ જેટલા પ્રવેશ ફોર્મ એડમિશન માટે આવી ચુક્યા છે. જેમાં સામાન્ય અને ગરીબ વર્ગની સાથે શ્રીમંત પરિવારના બાળકોનો પણ સમાવેશ થાય છે. સુરતના ઉતરાણ વિસ્તારમાં આવેલી પાલિકા સંચાલિત મહારાજા કૃષ્ણકુમારસિંહજી પ્રાથમિક શાળામાં લાંબી કતાર અને નીચે બેઠેલા વાલીઓની આ લાઈન કોઈ સરકારી યોજનાનો લાભ લેવા માટે નહીં, પરંતુ પોતાના બાળકોને સરકારી શાળામાં પ્રવેશ અપાવવા માટેની છે. એક જ પરિસરમાં આવેલી ત્રણ પાલિકા સંચાલિત શાળામાં ૩૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા રહેલી છે. જેની સામે દર વર્ષે ૨ હજારથી ૩ હજાર જેટલા વિદ્યાર્થીઓનું વેઈટિંગ લિસ્ટ બોલે છે. જ્યાં ચાલુ વર્ષે પણ આ શાળામાં પ્રવેશ મેળવવા માટે વાલીઓ રીતસરનો ઘસારો જોવા મળી રહ્યો છે. આ શાળામાં માત્ર સામાન્ય અને ગરીબ વર્ગના નહીં પરંતુ શ્રીમંત પરિવારમાંથી આવતા લોકો પણ પોતાના બાળકોને શાળામાં એડમિશન અપાવવા માટે પ્રવેશ ફોર્મ ભરી રહ્યા છે. નવા શૈક્ષણિક ક્ષત્ર માટે શાળા તરફથી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જ્યાં આજે પ્રથમ દિવસે પોતાના બાળકોને એડમિશન અપાવવા માટે ૬૦૦ જેટલા વાલીઓ દ્વારા પ્રવેશ ફોર્મ ભરવામાં આવ્યા છે. આ સરકારી શાળામાં શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું પણ સિંચન કરવામાં આવે છે. બાળકના જન્મ દિવસે કેક નહીં, પરંતુ ધાર્મિક રીતે કાર્યક્રમો થકી ઉજવણી કરવામાં આવે છે. ઘર જેવું વાતાવરણ પૂરું પાડી બાળકોને અભ્યાસ આપવામાં આવે છે. અહીં આચાર્યને પ્રિન્સિપલ નહીં પરંતુ ગુરુ અને શિક્ષકને ટીચર નહીં પરંતુ દીદી તરીકેના ઉપનામ આપી વિદ્યાર્થીઓ દ્વારા બોલાવવામાં



આવે છે. જે શાળાના વાતાવરણથી પ્રભાવિત થઈ લોકો પોતાના બાળકોને અહીં પ્રવેશ અપાવવા માટે ઉત્સાહિત જોવા મળી રહ્યા છે. ખાનગી શાળાની જેમ જ આ શાળામાં પણ તમામ પ્રકારની અદ્યતન સુવિધાઓની સાથે સંસ્કારોનું પણ સિંચન કરવામાં આવે છે. જેનાથી પ્રભાવિત થઈ હાલ ખાનગી શાળામાં અભ્યાસ લઈ રહેલા પોતાના બાળકોને ઉઠાડી આ શાળામાં પ્રવેશ અપાવી રહ્યા છે. જેથી હવે સમય બદલાયો છે અને વાલીઓ ખાનગી શાળાના બદલે પોતાના બાળકોને હવે સરકારી શાળામાં પ્રવેશ અપાવી રહ્યા છે. જેથી હવે ખાનગી શાળાઓની સરખામણીએ સરકારી શાળાઓ પણ પાછળ રહી નથી. સુરત મહાનગરપાલિકા સંચાલિત ઉતરાણ વિસ્તારમાં આવેલી મહારાજા કૃષ્ણકુમારસિંહજી પ્રાથમિક શાળા વર્ષ ૨૦૧૭ માં શરૂ કરવામાં આવી હતી. પાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલી અદ્યતન સુવિધાઓ સાથેની આ શાળામાં શરૂઆતના ધોરણે ૨૫૭ જેટલા વિદ્યાર્થીઓની સંખ્યા હતી. ઉચ્ચ ડિગ્રી સાથે અભ્યાસ કરાવતા શિક્ષકોની શિક્ષણ પ્રણાલીકાના કારણે બાળકોમાં આવેલા સંસ્કારો અને સિંચનના કારણે વાલીઓ શાળાના આ કાર્યથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. જ્યાં ધીરે ધીરે આ શાળાઓમાં વાલીઓની સંખ્યા પણ ઉતરોતર વધતી ગઈ હતી. જે બાદ પાલિકા દ્વારા શાળાનું બાંધકામ પણ વધારવામાં આવ્યું હતું. જ્યાં આજે આ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૩૫૦૦ જેટલી થઈ ગઈ છે. દર વર્ષે અહીં પ્રવેશ પ્રક્રિયા માટે વાલીઓનો ઘસારો રહે છે. જે ઘસારો ચાલુ વર્ષે પણ હાલ જોવા મળ્યો છે. શાળાના આચાર્યોના જણાવ્યા પ્રમાણે પ્રથમ દિવસે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેમાં ૬૦૦ જેટલા પ્રવેશ ફોર્મ હમણાં સુધી આવી ચૂક્યા છે. જે આંક વધવાની પણ શક્યતાઓ રહેલી છે. સરકાર તરફથી જેમ જેમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમ તેમ બાકી રહેલા વિદ્યાર્થીઓના પ્રવેશ માટેની વ્યવસ્થાઓ પણ ઊભી કરવામાં આવશે. પરંતુ સુરતના ઉતરાયણ વિસ્તારમાં આવેલી આ શાળામાં પોતાના બાળકોને પ્રવેશ આપવા માટે વાલીઓમાં ઘણો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મહત્વનું છે કે સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની સરકારી શાળાઓમાં અનેકવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. એટલું નહીં પરંતુ શાળામાં બાળકોને અભ્યાસ કરાવતા શિક્ષકો પણ બી.એડ પાસ હોવાથી વિદ્યાર્થીઓમાં શિક્ષણનું સિંચન પણ ખુબ જ સારી રીતે થાય છે. તે જ કારણ છે કે હવે ખાનગી શાળાઓના બદલે વાલીઓ પોતાના બાળકોને સરકારી શાળાઓમાં અભ્યાસ કરાવવા માટે ઉત્સાહિત જોવા મળી રહ્યા છે. જેથી હવે વાલીઓમાં ખાનગી શાળાના બદલે સરકારી શાળાઓમાં બાળકોને પ્રવેશ અપાવવા માટેનો ક્રેઝ પણ બદલાયો છે. જે સુરત મહાનગરપાલિકા માટે ગર્વ લેવાની બાબત બનીને સામે આવી છે. અમદાવાદમાં મ્યુનિસિપલ સ્કૂલોની સ્થિતિમાં સુધારા બાદ હવે નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. દિવસે ને દિવસે ખાનગી સ્કૂલમાંથી વિદ્યાર્થીઓ તંત્ર સંચાલિત સ્કૂલોમાં એડમિશન લઈ રહ્યા છે. આ વર્ષે અમદાવાદમાં ૫૩૧૩ વિદ્યાર્થીઓએ ખાનગી સ્કૂલ છોડીને કોર્પોરેશનની સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો છે.. ખાસ કરીને અમદાવાદમાં કોર્પોરેશનની સ્માર્ટ સ્કૂલો શરૂ થયા બાદ અવળો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. મહત્વનું છે કે, કોર્પોરેશન સંચાલિત શાળામાં ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા તાલીમબદ્ધ શિક્ષકો, માળખાકીય સવલતોમાં થઈ રહેલા વધારાના કારણે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. હાલ અમદાવાદ મહાનગરપાલિકાની ૪૫૦ જેટલી સ્કૂલોમાં ખાનગી સ્કૂલોમાંથી પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધી રહી છે. જોકે આ વર્ષે સરકારી સ્કૂલમાં પ્રવેશ મેળવનાર બાળકોની સંખ્યા ગત વર્ષની સરખામણી ઓછી છે.. ગત વર્ષે અત્યાર સુધીમાં સૌથી વધુ ૯ હજાર ૫૦૦ વિદ્યાર્થીઓએ ખાનગી શાળામાંથી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો હતો... પરંતુ છેલ્લા ૧૦ વર્ષમાં સરકારી શાળામાં શિફ્ટ થતા બાળકોની સંખ્યા ૫ હજારથી વધુ જ છે.



### ધોનીને જોઈને વિકેટકીપર બનવા માંગતો હતો

# ગુજરાત સામે પાંચ વિકેટ ઝડપનાર કોણ છે યશ ઠાકુર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની ૨૧મી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સ એ ગુજરાત ટાઈટન્સ ને ૩૩ રને હરાવી હતી. રવિવારે લખનૌના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં યજમાન ટીમે ૧૬૪ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જેના જવાબમાં ગુજરાત ટાઈટન્સની ટીમ માત્ર ૧૩૦ રન પર જ બનાવી શકી હતી. યશ ઠાકુરે શાનદાર બોલિંગ કરીને ૩૦ રનમાં ૫ વિકેટ ઝડપી લખનૌ સુપર જાયન્ટ્સની જીતનો હીરો ફાસ્ટ બોલર યશ ઠાકુર રહ્યો હતો. યશ ઠાકુરે શાનદાર બોલિંગ કરીને ૩૦ રનમાં ૫ વિકેટ ઝડપી હતી. ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪માં પ્રથમ વખત કોઈ બોલરે પાંચ વિકેટ લીધી હતી. યશે પોતાની પહેલી જ ઓવરમાં ગુજરાતના કેપ્ટન શુભમન ગિલને બોલ્ડ કર્યો હતો. ત્યારબાદ જ્યારે યશને ફરીથી બોલિંગ આપી ત્યારે તેણે ડબલ વિકેટ મેડન ઓવર ફેંકી હતી. જોકે યશને તેની ત્રીજી ઓવરમાં કોઈ સફળતા નહોતી મળી. પરંતુ છેલ્લી ઓવરમાં તેણે બે વિકેટ લઈને ટીમને જીત અપાવી હતી. યશ ઠાકુરે શુભમન ગિલ ઉપરાંત વિજય શંકર, રાશિદ ખાન, રાહુલ તેવટિયા અને નૂર અહેમદની વિકેટ લીધી હતી. યશ ઠાકુરનું આ પ્રદર્શન ઘણું મહત્ત્વનું છે. આ મેચ દરમિયાન લખનૌનો ફાસ્ટ બોલર મયંક યાદવ ઈજાગ્રસ્ત થઈ ગયો હતો. આવી સ્થિતિમાં વિકેટ લેવાની જવાબદારી યશ પર જ આવી ગઈ હતી. યશે પોતાની ટીમનો વિશ્વાસ બનાવી રાખ્યો અને શાનદાર પ્રદર્શન કર્યુ હતું. મયંક અને મોહસીન ખાન જેવા ફાસ્ટ બોલરોની ઈજાને કારણે લખનૌની ટીમ આગામી મેચોમાં પણ યશ ઠાકુર પાસેથી આવા જ શાનદાર પ્રદર્શનની આશા કરી રહી હશે.



### વિરાટ કોહલી વર્તમાન ઇન્ડિયન પ્રીમિયર લીગમાં સારા ફોર્મમાં છે

# કોહલી સ્ટ્રાઇક રેટ કરતાં ઉપર છે, વર્લ્ડ કપમાં રમવું જોઇએ : લારા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

વિરાટ કોહલી વર્તમાન ઈન્ડિયન પ્રીમિયર લીગમાં સારા ફોર્મમાં રમી રહ્યો છે. તેની રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમ ટુર્નામેન્ટમાં લગભગ તળિયે પહોંચી ગઈ છે પરંતુ અંગત પ્રદર્શનમાં કોહલી અગ્રેસર છે. તેણે તાજેતરમાં જ રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં ૬૭ બોલમાં સદી ફટકારી હતી. જે આઈપીએલના ઈતિહાસની સૌથી ધીમી સદી હતી. અગાઉ મનીષ પાંડેએ પણ ૬૭ બોલમા સદી ફટકારી હતી. જોકે વર્તમાન સિઝનમાં કોઈ પણ ટીમ માટે આ પ્રથમ સદી હતી. એ જ મેચમાં જોઝ બટલરે ૫૮ બોલમાં સદી ફટકારીને રાજસ્થાન રોયલ્સને છ વિકેટે વિજય અપાવ્યો હતો. આમ આ આઈપીએલમાં માત્ર બે સદી નોંધાઈ છે અને બંને સદી એક જ મેચમાં જોવા મળી હતી. બ્રાયન લારાએ જણાવ્યું હતું કે ટી૨૦ મેચમાં સ્ટ્રાઇક રેટ બેટ્સમેનની પોઝિશન પર આધાર રાખે છે. એક ઓપનર માટે ૧૩૦થી ૧૪૦નો રેટ બરાબર કહેવાય પ રંતુ તમે મિડલ ઓર્ડરમાં રમવા આવતા હો તો આ રેટ ૧૫૦થી ૧૬૦ની આસપાસનો હોવો જોઈએ. જોકે આ વખતે તો આઈપીએલમાં ઈનિંગ્સના અંતિમ તબક્કામાં ૨૦૦+ નો સ્ટ્રાઈક રેટ પણ જોવા મળી રહ્યો છે. પરંતુ કોહલી પાસે હંમેશાં ૧૩૦ની આસપાસના રેટથી રમવાની તક રહેલી હોય છે અને તે છેક સુધી રમે તો ૧૬૦ ઉપર પણ પહોંચી શકે છે પરંતુ વિરાટ કોહલી હવે સ્ટ્રાઈક રેટથી ઉપર પહોંચી ગયો છે. તેની બેટિંગ અને તેની ઉપસ્થિતિથી જ ટીમ મજબૂત બની જતી હોય છે તેમ બ્રાયન લારાએ ઉમેર્યુ હતું.

### દક્ષિણના દ્વાર કર્ણાટકમાં વધી ભાજપની ચિંતા

# કેન્દ્રીય મંત્રી વિરુદ્ધ ચૂંટણી લડશે લિંગાયત સંત, અનેક બેઠકો પર અસર

### ભાજપ માટે એક પડકાર તરીકે જોવામાં આવી રહ્યું છે અને તેની અસર કેટલીક લિંગાયત પ્રભુત્વ ધરાવતી બેઠકો પર પડી શકે છે

। (એજન્સી) કર્ણાટક, તા.૯ ।

કર્ણાટકના રાજકારણમાં લિંગાયત સમુદાયનો મત ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યો છે. કોઈ પણ ચૂંટણીમાં આ સમુદાયની ભૂમિકા નિર્ણાયક રહી છે અને માનવામાં આવે છે કે, તેમનું સમર્થન ભાજપને જ મળતું રહ્યું છે. પરંતુ આ વખતે લોકસભા ચૂંટણીમાં તસવીર બદલાતી નજર આવી રહી છે. મોદી સરકારના મંત્રી પ્રહલાદ જોશીની સામે લિંગાયત સમુદાયના મોટા સંત જગદગુરુ ફકીરા ડીંગલેશ્વર મહાસ્વામીએ ચૂંટણી લડવાનું એલાન કર્યું છે. તેને ભાજપ માટે એક પડકાર તરીકે જોવામાં આવી રહ્યું છે અને તેની અસર કેટલીક લિંગાયત પ્રભુત્વ ધરાવતી બેઠકો પર પડી શકે છે. જગદગુરુ ફકીરા ડીંગલેશ્વર મહાસ્વામીએ ધારવાડ લોકસભા ક્ષેત્રથી એક અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાનો વિકલ્પ પસંદ કરનારા મહાસ્વામીએ કહ્યું કે તેમનો ઉદ્દેશ્ય આ પ્રદેશમાં પરંપરાગત રાજકીય પક્ષોના વર્ચસ્વને પડકારીને મતદારોને એક વિકલ્પ આપવાનો છે. મહાસ્વામીનો આ નિર્ણય રાજ્યના રાજકારણમાં મહત્વપૂર્ણ છે. તેને કોંગ્રેસ અને ભાજપની રાજનીતિથી આગળ એક વૈકલ્પિક મંચ તૈયાર કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે. તેમણે ચૂંટણી લડવાનું એલાન કરતા કહ્યું કે, 'મેં ધારવાડ લોકસભા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. બંને રાષ્ટ્રીય પક્ષોએ આ વિસ્તારમાંથી ચૂંટણી માટે પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા છે. તેમણે પક્ષની ટિકિટ વિતરણ નીતિઓ પર અસંતોષ વ્યક્ત કરતા કર્ણાટકમાં ભાજપની હાજરીને આકાર આપવામાં લિંગાયત સમુદાયની મહત્વપૂર્ણ ભૂમિકા તરફ પણ ધ્યાન દોર્યું હતું. તેમણે કહ્યું કે, લિંગાયત સમુદાયે કર્ણાટકમાં બીજેપીનું નિર્માણ અને વિકાસ કર્યો છે. ટીકીટ વિતરણમાં ભાજપમાં કોઈ સામાજિક ન્યાય નથી.

### ૧૬થી વધુ કેસ નોંધાયા, બીજો આરોપી ફરાર

# તરસેમ સિંહ હત્યા કેસનો શાર્પ શૂટર એન્કાઉન્ટરમાં માર્યો ગયો

### ૨૮ માર્ચે તરસેમ સિંહની હત્યા કરવામાં આવી હતી. ૨૮ માર્ચે બંને હુમલાખોરોએ તરસેમ સિંહની ગોળી મારી હત્યા કરી હતી

। (એજન્સી) ઉત્તરાખંડ, તા.૯ ।

ઉત્તરાખંડના ઉધમ નગર સિંહમાં નાનકમત્તા ગુરુદ્વારાના ડેરા કારસેવાના વડા બાબા તરસેમ સિંહની હત્યાનો એક આરોપી એક્કાઉન્ટરમાં માર્યો ગયો છે. મોડી રાત્રે ઉત્તરાખંડ એસટીએફ અને હરિદ્વાર પોલીસ સાથેના એક્કાઉન્ટરમાં તેનું મોત થયું હતું. જ્યારે બીજો આરોપી ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો અને તેની શોધખોળ ચાલી રહી છે. તરસેમ સિંહને પંજાબ અને તરાઈમાં શીખોના નેતા માનવામાં આવતા હતા. તેમની હત્યાની જવાબદારી તરનતારનના મિયાવિંદ ગામના રહેવાસી સરબજીત સિંહે લીધી હતી. રિપોર્ટ અનુસાર, તરસેમ સિંહને ગોળી મારનાર અમરજીત સિંહને ઉત્તરાખંડ એસટીએફ અને હરિદ્વાર પોલીસે ભગવાનપુર વિસ્તારમાં એક્કાઉન્ટરમાં માર્યો હતો. અમરજીત સિંહનો બીજો સહયોગી ફરાર છે, STF અને પોલીસ તેને શોધવામાં વ્યસ્ત છે. હરિદ્વારના એસએસપી પરમિન્દર ડોવલે જણાવ્યું કે, હરિદ્વારના ભગવાન પુરમાં એસટીએફ-પોલીસ અને શાર્પશૂટર અમરજીત સિંહ ઉર્ફે બિટ્ટુ વચ્ચે એક્કાઉન્ટર થયું, જેમાં મુખ્ય આરોપી માર્યો ગયો. અમરજીત વિરુદ્ધ ૧૬ થી વધુ કેસ નોંધાયા હતા.ઉત્તરાખંડના ડીજીપી અભિનવ કુમારે કહ્યું કે તરસેમની હત્યા બાદ પોલીસ અને એસટીએફ સતત બંને આરોપીઓને શોધી રહી છે. તેમણે કહ્યું કે ઉત્તરાખંડમાં આવા જઘન્ય અપરાધો કરનારાઓ સાથે પોલીસ કડક કાર્યવાહી કરશે.૨૮ માર્ચે તરસેમ સિંહની હત્યા કરવામાં આવી હતી.૨૮ માર્ચે બંને હુમલાખોરોએ તરસેમ સિંહની ગોળી મારી હત્યા કરી હતી. તેને ખૂબ જ નજીકથી ગોળી વાગી હતી. ઘટના સમયે તરનતારનનો રહેવાસી સરબજીત સિંહ બાઈક ચલાવી રહ્યો હતો.

### બંને દેશોના લશ્કરી સબંધો ઘનિષ્ઠ બની રહ્યા છે

# અમેરિકન યુધ્ધ જહાજો માટે કોચિન શિપયાર્ડના દરવાજા ભારતે ખોલી નાંખ્યા

### આ શિપયાર્ડની સુવિધાના કારણે હીંદ મહાસાગરમાં ચીનના યુધ્ધ જહાજોને પડકાર ફેંકવા માટે અમેરિકન યુધ્ધ જહાજો માટે પેટ્રોલિંગ આસાન બની જશે

। (એજન્સી) અમેરિકન, તા.૯ ।

બંને દેશોના લશ્કરી સબંધો ઘનિષ્ઠ બની રહ્યા છે અને હવે તો ભારતે ઐતિહાસિક નિર્ણય લઈને પોતાના કોચીન ખાતેના શિપયાર્ડને અમેરિકન યુધ્ધ જહાજો માટે ખુલ્લુ મુકી દીધુ છે. હવે અહીંયા અમેરિકન જહાજોનુ સમારકામ થઈ શકશે.

ભારતના કોચિન શિપયાર્ડે જ ભારતીય નૌસેનાનુ સ્વદેશી એરક્રાફ્ટ કેરિયરનુ નિર્માણ કરેલુ છે. આ શિપયાર્ડની સુવિધાના કારણે હિંદ મહાસાગરમાં ચીનના યુધ્ધ જહાજોને પડકાર ફેંકવા માટે અમેરિકન યુધ્ધ જહાજો માટે પેટ્રોલિંગ આસાન બની જશે.

ઈન્ડો પેસિફિક જળ વિસ્તારમાં ચીન સતત તાઈવાન, જાપાન અને ફિલિપાઈન્સ જેવા દેશોને પોતાની નૌસેના થકી આંખો બતાવી રહ્યુ છે. જેના જવાબમાં અમેરિકાએ પોતાના જહાજોને આ વિસ્તારમાં તૈનાત કર્યા છે. અમેરિકા માટે આ જહાજોનુ સમયાંતરે સમારકામ અને દેખરેખનુ કામ મુશ્કેલ હતુ પણ કોચિન શિપયાર્ડમાં પણ અમેરિકન જહાજો રોકાઈને જરુરી સમારકામ કરાવી શકશે. અમેરિકન નૌસેનાને તેના કારણે ઘણી રાહત મળશે.

આ પહેલા ૨૦૨૩માં ભારતીય કંપનીએ ચેન્નાઈ ખાતે પણ અમેરિકન જહાજોના સમારકામ માટે કરાર કર્યા હતા. અહીંયા રિપેરિંગ માટે અમેરિકન જહાજોની આવન જાવન શરુ પણ થઈ ગઈ છે. હવે કોચિન શિપયાર્ડ પણ અમેરિકન જહાજો માટે ઉપલબ્ધ રહેશે. જેના કારણે અમેરિકન યુધ્ધ જહાજોને ભારતના પૂર્વ તેમજ પશ્ચિમ એમ બંને કિનારા પર સમારકામની સુવિધા મળશે. કોચિન શિપયાર્ડ સાથે કરાર કરતા પહેલા અમેરિકાએ આ શિપયાર્ડનો સર્વે પણ કર્યો હતો. આ જ શિપયાર્ડમાં ભારતના એરક્રાફ્ટ કેરિયરનુ પણ સમારકામ થાય છે. ભારત પાસે બીજા પણ શિપયાર્ડ છે, જ્યાં અમેરિકન જહાજોનુ સમારકામ શક્ય છે. જાણકારોનુ માનવુ છે કે, આંદામાન નિકોબાર ટાપુ પર પણ ભારત અમેરિકાને કેટલીક સુવિધાઓ પૂરી પાડે તેવી શક્યતા છે. કારણકે આ ટાપુઓ મલક્કા સ્ટ્રેટ પાસે આવેલા છે. જયાંથી સાઉથ ચાઈના સીમાં જહાજો પ્રવેશ કરતા હોય છે. આ વિસ્તાર પણ ચીનની દાદાગીરીના કારણે તણાવપૂર્ણ બની ચુકયો છે.

### કોર્ટે ૨૩ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી

# લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં કે કવિતાને મોટો ઝટકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે આજે BRS નેતા કે કવિતાની ન્યાયિક કસ્ટડી ૨૩ એપ્રિલ સુધી લંબાવી છે. વાત જાણે એમ છે કે, તેલંગાણાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન કેસીઆરની પુત્રી કે કવિતાને દિલ્હી લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં આંચકો લાગ્યો છે. કોર્ટમાં સુનાવણી દરમિયાન EDએ કવિતાને ન્યાયિક કસ્ટડીમાં મોકલવાની માંગ કરતા કહ્યું કે, તેમણે પુરાવા સાથે ચેડા કર્યા છે. આ સિવાય કવિતાએ સાક્ષીઓને પ્રભાવિત કરવાનો પણ પ્રયાસ કર્યો છે. BRS નેતા કે કવિતાએ ન્યાયાધીશ સાથે વાત કરવાની અને તેના વિચારો વ્યક્ત કરવાની માંગ કરી પરંતુ કોર્ટે તેને મંજૂરી આપી નહીં. તેમણે જજને પત્ર લખ્યો છે. આમાં કવિતાએ દાવો કર્યો હતો કે, મારે એક્સાઈઝ પોલિસી સાથે કોઈ લેવાદેવા નથી. હું પીડિત છું. ED અને CBI દ્વારા ૨.૫ વર્ષથી મીડિયા ટ્રાયલ દ્વારા તપાસ ચાલી રહી છે.BRS નેતા કે કવિતાએ કોર્ટને કહ્યું કે, મેડમ જસ્ટિસ આજે ED અને CBIના ૯૫ ટકા કેસ વિપક્ષી પાર્ટીના નેતાઓ વિરુદ્ધ છે. જ્યારે આરોપી ભાજપમાં જોડાય છે ત્યારે તપાસ અચાનક અટકી જાય છે. સંસદમાં ભાજપના નેતાઓ ખુલ્લેઆમ વિપક્ષને ધમકી આપે છે અને કહે છે કે ચૂપ રહો નહીં તો હું ED મોકલીશ.

# ૧૭ વર્ષની મોડલ પર ત્રણ યુવકોએ ચાલતી કારમાં સામૂહિક બળાત્કાર ગુજાર્યો

### કોતવાલી પોલીસે પીડિતાની ફરિયાદ પર ગાઝિયાબાદના રહેવાસી ત્રણ યુવકો વિરૂદ્ધ કેસ નોંધ્યો છે પીડિતા ત્રણેયને પહેલેથી જ ઓળખે છે

। (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૯ ।

ઉત્તર પ્રદેશમાં સંભલની યુવતી ૧૭ વર્ષની મોડલ પર ત્રણ યુવકોએ ચાલતી કારમાં સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો. આ પછી આરોપી પીડિતાને મુરાદાબાદના કોતવાલી વિસ્તારમાં એક હોટલના રૂમમાં છોડીને ભાગી ગયો હતો. કોતવાલી પોલીસે પીડિતાની ફરિયાદ પર ગાઝિયાબાદના રહેવાસી ત્રણ યુવકો વિરૂદ્ધ કેસ નોંધ્યો છે. પીડિતા ત્રણેયને પહેલેથી જ ઓળખે છે.સંભલ જિલ્લાના ચંદૌસી પોલીસ સ્ટેશન વિસ્તારની હદમાં રહેતી પીડિતાએ ફરિયાદમાં જણાવ્યું કે તેણે ૧૧મા સુધી અભ્યાસ કર્યો છે. આ પછી તેણે મોડલિંગ શરૂ કર્યું. યુવતીએ જણાવ્યું કે ૫ એપ્રિલે તે એક મોડલિંગ પ્રોગ્રામ માટે જયપુર ગઈ હતી.

૬ એપ્રિલે તે જયપુરથી ગાઝિયાબાદ પહોંચી અને ધૌલા કુઆન મેટ્રો સ્ટેશન પાસે મુરાદાબાદ પરત ફરવા માટે બસની રાહ જોઈ રહી હતી. આ દરમિયાન ગાઝિયાબાદના ગ્રામીણ લાલકુઆન વેવ સિટીમાં રહેતો ભરત તેના મિત્રો અનિલ, લાલ ક્વાર્ટર સિહાની ગેટ, ગાઝિયાબાદ અને સોનુ, જૂના બસ સ્ટેન્ડ, માલીવાડા સિહાની ગેટ, ગાઝિયાબાદમાં રહેતો તેમની કાર લઈને આવ્યો હતો.આરોપીએ તેને જોઈને કાર રોકી હતી. ત્યારબાદ પીડિતાએ જણાવ્યું કે, તે મુરાદાબાદ જઈ રહી છે. ત્યારબાદ આરોપીઓએ કહ્યું કે, તેઓ પણ મુરાદાબાદ જઈ રહ્યા છે અને તેણીને મુરાદાબાદ મુકી દેશે. પીડિતા આરોપીને પહેલાથી જ ઓળખતી હતી. પીડિતાએ તેનું ફોટોશૂટ કરાવ્યું હતું.

લગભગ ૧૧:૩૦ વાગે ધૌલા કુઆન છોડ્યું. આરોપીઓએ ગાઝિયાબાદની એક હોટલમાંથી ઠંડા પીણા અને ખાદ્યપદાર્થો પેક કર્યા હતા. પીડિતાએ કોલ્ડ ડ્રિંક પીધા બાદ નશો કરવાનું શરૂ કર્યું હતું. પીડિતાનું કહેવું છે કે સોનુ કાર ચલાવતો હતો. જ્યારે અનિલ અને ભરતે કારમાં જ તેના પર બળાત્કાર કર્યો હતો.

આ પછી આરોપી તેને મુરાદાબાદના કોતવાલી વિસ્તારમાં આવેલી એક હોટલમાં લઈ ગયો અને ત્યાં તેને છોડીને ભાગી ગયો. જ્યાં થોડીવાર બાદ પોલીસ પહોંચી હતી. શહેરના પોલીસ અધિક્ષક અખિલેશ ભદૌરિયાએ જણાવ્યું કે ફરિયાદના આધારે ત્રણ આરોપીઓ વિરુદ્ધ બળાત્કાર, પોક્સો એક્ટ અને એસસી એસટી એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીને પકડવા માટે પોલીસની એક ટીમ ગાઝિયાબાદ રવાના કરવામાં આવી છે.પીડિતાએ ક્ષ્ૈંઈમાં જણાવ્યું કે આરોપીએ કારમાં તેની સાથે રેપ કર્યો હતો. પીડિતાએ જણાવ્યું કે, તેણે ટોયલેટ જવાના બહાને કાર રોકી હતી. ત્યારબાદ આરોપીએ પેટ્રોલ પંપ પર કાર રોકી હતી. ત્યારપછી પીડિતા ટોયલેટમાં ગઈ અને યુપી ૧૧૨ને ફોન કરીને ઘટનાની જાણકારી આપી.

આ પછી તે આવીને કારમાં બેસી ગઈ. આ પછી આરોપી કારને મુરાદાબાદ લઈ આવ્યો. અહીં ત્રણેય તેને હોટલમાં લઈ ગયા અને રૂમમાં બેસાડી ભાગી ગયા. થોડીવારમાં પોલીસ આવી પહોંચી પરંતુ ત્યાં સુધીમાં આરોપી ત્યાંથી નીકળી ગયો હતો. આ પછી પીડિતાએ તેના માતા-પિતાને ઘટનાની જાણ કરી.

# રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાએ મહારાષ્ટ્રની એક બેંકને લઇને મોટો નિર્ણય કર્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૯ ।

રિઝર્વ બેંક દેશની તમામ બેંકોની દેખરેખ રાખે છે. જો તમારુ પણ દેશની કો ઓપરેટિવ બેંકમાં ખાતુ છે તો આ સમાચાર તમારા માટે કામના છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ મહારાષ્ટ્રના એક બેંકને લઈને મોટો નિર્ણય લીધો છે. આરબીઆઈએ હવે બેંક પણ ઘણા પ્રકારના અંકુશ લગાવી દીધા છે, જેની સીધી અસર બેંકના ગ્રાહકો પર પડશે. આરબીઆઈએ મહારાષ્ટ્રના શિરપુર મર્ચેટ્સ કો ઓપરેટિવ બેંક વિરૂદ્ધ મોટછ પગલું ઉઠાવ્યું છે. ભારતીય રિઝર્વ બેંક (RBI) એ મહારાષ્ટ્ર સ્થિત શિરપુર મર્ચેસ કો ઓપરેટિવ બેંકની કથળતી નાણાકીય સ્થિતિને જોતાં ઘણા નિર્ણય લીધા છે. આરબીઆઈએ બેંક પાસેથી પૈસા નિકાળવાથી માંડીને ઘણી સેવાઓ પર અંકુશ લગાવી દીધા છે. આરબીઆઈએ એક નિવેદનમાં કહ્યું કે સોમવારે કારોબાર બંધ થયા બાદ આ સહકારી બેંક કોઈપણ નવી લોન આપી શકશે નહી અને ના તો કોઈ રોકાણ કરી શકશે. આ સાથે બેંકને કેન્દ્રીય બેંકની પરવાનગી વિના તેની મિલકત અથવા સંપત્તિને સ્થાનાંતરિત અથવા નિકાલ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. શિરપુર મર્ચન્ટ્સ કોઓપરેટિવ બેંકની વર્તમાન નાણાકીય સ્થિતિને ધ્યાનમાં રાખીને રિઝર્વ બેંકે આ પગલું ભર્યું છે. તેમાં તમામ બચત બેંક અથવા ચાલુ ખાતા અથવા થાપણદારના અન્ય કોઈપણ ખાતામાં કુલ બેલેન્સમાંથી કોઈ રકમ ઉપાડવાની મંજૂરી આપી શકાતી નથી. જો કે, બેંક ગ્રાહકો રિઝર્વ બેંકના આ નિયમો અને શરતો હેઠળ તેમના ખાતામાં જમા રકમમાંથી લોન ચૂકવી શકશે.

# પાકિસ્તાનમાં બલૂચિસ્તાન પ્રાંતમાં બે વિસ્ફોટ, 3 લોકોના મોત, ૨૦ ઘાયલ

। (એજન્સી) બલૂચિસ્તાન, તા.૯ ।

ઈદના ૨ દિવસ પહેલા પાકિસ્તાનમાં ભયનો માહોલ સર્જાયો છે. ગયા સોમવારે એટલે કે ૮મી એપ્રિલની સાંજે પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં એક સાથે બે વિસ્ફોટ થયા હતા. આ વિસ્ફોટમાં ત્રણ લોકોના મોત થયા છે જ્યારે ૨૦ જેટલા લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ ધડાકાએ બધાને ચોંકાવી દીધા છે. બે દિવસ પછી સમગ્ર વિશ્વમાં ઈદનો તહેવાર મનાવવાનો છે, પરંતુ તે પહેલા જ પાકિસ્તાનમાં બે અલગ-અલગ જગ્યાએથી બ્લાસ્ટ થયાના સમાચાર આવ્યા છે. એક વિસ્ફોટ ક્વેટા જિલ્લાના કુચલક વિસ્તારની એક મસ્જિદમાં થયો હતો, જ્યારે બીજો વિસ્ફોટ ખુઝદાર શહેરના ઓમર ફારૂક ચોકમાં થયો હતો. મંગળવારે આ વિસ્ફોટની માહિતી આપતા પોલીસે જણાવ્યું કે જ્યારે મસ્જિદમાં વિસ્ફોટ થયો ત્યારે લોકો મગરીબની નમાજ પઢવા માટે મસ્જિદમાં એકઠા થયા હતા.

## તંત્રી લેખ...

# ૨૦ મે બાદ ગરમી જોર પકડશે

એપ્રિલ મહિનો આકરો જવાનો છે. ગરમી ગઈ અને ફરી વરસાદનો સમય આવ્યો છે. એપ્રિલમાં ભર ગરમીએ વરસાદની આગાહી આવી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ભર ઉનાળે ગરમીની આગાહી કરી છે. જેને કારણે લોકોને ગરમીથી થોડી રાહત મળશે. ૧૨ થી ૧૫ એપ્રિલ દરમિયાન ગુજરાતભરમાં ગાજવીજ અને કરા સાથે વરસાદ આવશે. ગુજરાતમાં ફરી એકવાર વાદળો છવાશે અને જોરદાર વરસાદ આવશે. ૪ જિલ્લામાં ગુજરાતમાં વરસાદ પડવાની સંભાવના છે. આ વર્ષે ગરમી, પ્રિમોન્સૂન એક્ટિવિટી અને કરા પણ વારંવાર પડશે. ૧૧ મેં આસપાસ બંગાળાના ઉપસાગરમા હળવા દબાણ પેદા થશે. ૨૦ મે બાદ ગરમી જોર પકડશે. ૨૪ મે થી ૫ જૂન આસપાસ ગુજરાતમાં કેટલાક ભાગમાં વરસાદ થશે. અંબાલાલ પટેલે આગાહી કરી કે, ૧૨ થી ૧૫ એપ્રિલ સુધી ગ્રહોની રાશિ જળદાયક અને વાયુવાહકમાં હોવાથી પવન સાથે પ્રિમોન્સૂન એક્ટિવિટી થવાની શક્યતા છે. આ દિવસોમાં સમગ્ર ગુજરાતમાં વરસાદની આગાહી છે. ૧૨ થી ૧૫ એપ્રિલમાં હળવાથી મધ્યમ વરસાદ ગાજવીજ અને કરા સાથે વરસાદ પડશે. આ દિવસોમાં પવનની ગતિ તેજ રહેશે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ વરસાદી જોર રહેશે. તેમણે કહ્યું કે, હજુ પણ ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે જો ભારે બરફ પડે તો તેની અસર ચોમાસા ઉપર થશે. સૂર્ય મેશ રાશિમાં ૧૪ એપ્રિલે આવતા અને ગ્રીષ્મ ઋતુ શરૂ થાય છે, જેથી આ ઋતુમાં ૨૭ એપ્રિલે સૂર્ય ભરણી નક્ષત્રમાં આવતા ગરમી પડશે. સૂર્ય ૧૦-૧૧ મેના રોજ કૃતિકા નક્ષત્રમાં આવતા કાળઝાળ ગરમી પડશે. જોકે આ સાથે જ આંધી વંટોળ સાથે પ્રિમોન્સૂન એક્ટિવિટી પણ થશે. હવામાનમાં ભારે પલટા આવશે. ગુજરાતીઓ માટે મે કરતા એપ્રિલ મહિનો આકરો બની રહેવાના એંધાણ છે. કારણ કે, પહેલા વરસાદ અને બાદમાં આગ ઓકતી ગરમીની આગાહી છે. તેમાં પણ એપ્રિલ મહિનામાં ૨૫ માંથી ૨૦ દિવસ તો ૪૦ થી વધુ ડિગ્રી તાપમાનમાં શેકાવા તૈયાર રહેવું પડશે. વેકેશન પૂરુ થતા જ વાતાવરણ તેના અસલી મિજાજમાં આવે તેવી સંભાવના છે. એપ્રિલના ત્રીજા ફ્રસપ્તાહમાં જ તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર પહોંચી જાય તેવી શક્યતા છે.

## અબજો લોકો સોશ્યલ મીડિયાનો દુરુપયોગ કરે છે

જે સોશ્યલ મીડિયા ૨૦૧૦માં આશાઓનું પ્રતીક બનીને ઉભરી રહ્યું હતું, તે ૨૦૨૦ આવતાં આવતાં ફેક ન્યૂઝ અને લોકોના રાજકીય વિચારોને પ્રભાવિત કરવા જેવા આરોપોનો શિકાર થઈ ગયું. માત્ર દસ વર્ષમાં જ લોકો હવે સોશ્યલ મીડિયા પર પોતાના અભિપ્રાય પોસ્ટ કરવાથી બચવા લાગ્યા છે. પોસ્ટ કરવાનો મતલબ ટેક્સ્ટ, ઈમેજ ફોર્મમાં ખુદને અભિવ્યક્ત કરવાનો છે. લોકો લોગઈન તો કરે છે, પરંતુ બહુ ઓછા લોકો પોસ્ટ કરી રહ્યા છે. લોકો લગભગ રોજ બે કલાક ઈન્સ્ટાગ્રામ, ફેસબુક કે એક્સ જેવા સોશ્યલ મીડિયાને સ્ક્રોલ કરતાં સમય વિતાવે છે, પરંત તેમની આખરી પોસ્ટ એક વર્ષ પહેલાંની હોય છે. ક્યારેક ક્યારેક લોકો સ્ટોરી ચોક્કસ શેર કરે છે, પરંતુ તે ચોવીસ કલાક બાદ ગાયબ થઈ જાય છે. કોઈ પ્રકારના વિવાદથી બચવા માટે લોકો હવે એમ વિચારવા મજબૂર થઈ ગયા છે કે એ વાત પર ઝગડવાની જરૂર નથી કે કોણે કોને વોટ આપ્યો કે કોઈ શું વિચારે છે. હવે તેઓ આમને-સામને કે સમૂહ ચેટને પ્રાથમિકતા આપે છે, જેને 'ખાનગી નેટવર્કિંગ' કહેવાઈ રહ્યું છે.

વપરાશકર્તાઓના સર્વેક્ષણ અને ડેટા-એનાલિટિક્સ ફર્મોની શોધ અનુસાર, અબજો લોકો સોશ્યલ મીડિયાનો દુરુપયોગ કરે છે, પરંતુ તેઓ ઓછી પોસ્ટ કરી રહ્યા છે અને મોટાભાગે નિષ્ક્રિય અનુભવનો આનંદ લઈ રહ્યા છે. તેઓ હજુ પણ લોકોની સોશ્યલ મીડિયા ફીડ જોવામાં કે રીલ જોવામાં સમય વિતાવી રહ્યા છે, પરંતુ તેઓ હવે પોતાનો અભિપ્રાય મૂકવામાં એટલા સક્રિય નથી રહ્યા. એટલે કે આ ટાઈમ પાસ કરવાનો રસ્તો બની ચૂક્યું છે. ડેટા ઈન્ટેલીજન્સ કંપની મોર્નિંગ કન્સલ્ટના ઓક્ટોબર રિપોર્ટમાં, સોશ્યલ મીડિયા એકાઉન્ટવાળા ૬૧ ટકા વયસ્ક અમેરિકી ઉત્તરદાતાઓએ કહ્યું કે તેઓ જે પોસ્ટ કરે છે, તેના વિશે વધુ ચયનાત્મક થઈ ગયા છે, એટલે કે હવે લોકો શું પોસ્ટ કરવું છે, તેના વિશે વિચારવા લાગ્યા છે.

ભારત પણ તેમાં અપવાદ નથી. ભલે આપણા વિશાળ સોશ્યલ મીડયા યુઝર બેઝને કારણે અહીં એવું ન દેખાતું હોય, પરંતુ હવે લોકો સોશ્યલ મીડિયા પર ઓછી પોસ્ટ શેર કરી રહ્યા છે. તેના કેટલાય કારણ છે. આ શોધના હિસાબે લોકો માનવા લાગ્યા છે કે તેઓ જે સામગ્રી જુએ છે, તેને નિયંત્રિત નથી કરી શકતા. તેઓ પોતાના જીવનને ઓનલાઈન મૂકવા પ્રત્યે પણ વધુ સુરક્ષાત્મક થઈ ગયા છે અને પોતાની નિજતાની પણ ચિંતા થવા લાગી છે. સોશ્યલ મીડિયા પર ટ્રોલર્સની વધતી સંખ્યાને કારણે પણ લોકોની મજા બગડી ગઈ છે. આ સોશ્યલ મીડિયા કંપનીઓના વ્યવસાય માટે ખતરો છે. વપરાશકર્તાઓને વધુને વધુ શેર કરવાને કારણે જ તેઓ દુનિયાની સૌથી શક્તિશાળી કંપનીઓ અને પ્લેટફોર્મોમાંથી એક બની ગઈ છે. મજેદાર વાત એ છે કે તેમાંથી કોઈપણ કંપની કોઈ પ્રોડક્ટ નથી બનાવતી, તેમ છતાં તે દુનિયાની સૌથી મોટી નફો કરતી કંપનીઓ બની ગઈ છે. દેખીતું છે, લોકોની કંઈક ને કંઈક કહેવાની આદતને કારણે એટલે કે માત્ર યુઝર જનરેટેડ કન્ટેન્ટને કારણે આ કંપનીઓ નફો કમાઈ રહી છે. ભારતમાં બેશક હાલમાં અમેરિકા જેવી સ્થિતિ નથી, પરંતુ લોકો પોતાની નિજતાની સુરક્ષા માટે બધું જ સોશ્યલ મીડિયા પર મૂકવાની માનસિકતાથી દૂર થઈ રહ્યા છે. તેનું એક મોટું કારણ સોશ્યલ મીડિયા એકાઉન્ટનો ઉપયોગ માર્કેટિંગ અને બ્રાન્ડિંગ માટે કરવા ઉપરાંત મીડિયા લિટરસીનો પ્રચાર-પ્રસાર પણ છે. એમ પણ સોશ્યલ મીડિયા પર આવતાં જ ગ્રાહકો ડેટામાં તબદીલ થઈ જાય છે.

આ પ્રકારે દેશમાં દર સેકંડે અસંખ્ય માત્રામાં ડેટા જનરેટ થઈ રહ્યો છે, જેનો ફાયદો ઈન્ટરનેટના વ્યવસાયમાં લાગેલી કંપનીઓને થઈ રહ્યો છે. સત્તાવાર રીતે સોશ્યલ મીડિયાતી ભારતમાં કેટલો રોજગાર પેદા થયો, તેનો ઉલ્લેખ નથી મળતો, કારણ કે આ તમામ કંપનીઓ આના સંબંધિત આંકડા જાહેર નથી કરતી. સાથે જ પ્રત્યક્ષ રોજગાર ઘણો ઓછો હોવાનો સંકેત આ કંપનીઓના કર્મચારીઓની ઓછી સંખ્યાથી પ્રમાણિત થાય છે. હવે સોશ્યલ મીડિયા કંપનીઓ ઉપયોગકર્તાઓને વધુ વ્યક્તિગત અનુભવ આપવા તરફ અગ્રેસર છે. તેઓ મેસેજિંગ જેવા વધુ અંગત અનુભવોમાં રોકાણ કરી રહી છે અને વાતચીતને વધુ સરિક્ષત બનાવી રહી છે, જેમાં લોકોને અંતરંગ સાથીઓ માટે પોસ્ટ કરવા માટે પ્રોત્સાહિત કરવા પણ સામેલ છે.

**ભગવત ગીતામાં ભગવાન યોગ યોગેશ્વર કૃષ્ણએ પણ કહ્યું છે કે નિત્ય સંન્યાસી એ છે, જે પોતાને દરેક પરિસ્થિતિમાં સમ રાખી શકે!**

# પૃથ્વી તત્વ પર નિર્ભર છે મૂલાધાર ચક્ર અને બીજમંત્ર છે "લં" ! એનો જાપ કરી ધૈર્ય અને સ્થિરતા પ્રાપ્ત કરીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણામાં આ ચારે ચાર ગુણ આજે પણ છે પરંતુ આપણી એને જોવાની દ્રષ્ટિ બદલાઈ ગઈ છે ઉદાર આપણે અન્ય માટે બનવાનું હતું એની બદલે ખુદ માટે બની ગયાં**

હે મા જગત જનની જગદંબા. આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ચૈત્રી નવરાત્રીનાં બીજા દિવસે મા બ્રહ્મચારિણીને નમન કરીએ, અને આપણી આ કાલીઘેલી ભાષામાં આદરેલુ વ્રત સ્વીકારે એવી પ્રાર્થના કરીએ. ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થઈ ગયો છે, અને હિન્દુ સનાતન ધર્મનું પણ નવું વર્ષ શરૂ થતું હોવાથી, સનાતન ધર્મનાં કેટલાયે સિદ્ધ પુરુષો, બુદ્ધ પુરુષો, અને ઋષિમુનિઓએ સમસ્ત વિશ્વમાં શાંતિનું વાતાવરણ બને, એ માટે પોતપોતાની રીતે અનુષ્ઠાનનો પ્રારંભ કરી દીધો હશે. આપણે પણ જીવ સહજ ભાવનાથી જરાક ઉપર ઉઠીએ તો સંસારી અને ભોગીની શ્રેણીમાંથી ઉપર ઉઠી અને યોગી થવાં તરફ પ્રયાણ કરી શકાય, એ માટે આ કુંડલીની જાગરણની શાસ્ત્રીય રીતે સાત્વિક તાત્વિક જાણકારી અને એનો આપણે અમલમાં મૂકી શકાય એવો સરળ અર્થ કરી, અને આ ચૈત્રી નવરાત્રી અનુષ્ઠાનનો આરંભ કર્યો છે. ભગવત ગીતામાં ભગવાન યોગ યોગેશ્વર કૃષ્ણએ પણ કહ્યું છે કે નિત્ય સંન્યાસી એ છે, જે પોતાને દરેક પરિસ્થિતિમાં સમ રાખી શકે! અને સમ રહી માનવ સહજ ઉદારતા, શૂરવીરતા, માનવતાવાદી, તેમજ સહિષ્ણુતાના ગુણોને ખીલવી જીવનને નિર્મળ અને પવિત્ર બનાવી શકે. આપણામાં આ ચારે ચાર ગુણ આજે પણ છે પરંતુ આપણી એને જોવાની દ્રષ્ટિ બદલાઈ ગઈ છે. ઉદાર આપણે અન્ય માટે બનવાનું હતું એની બદલે ખુદ માટે બની ગયાં. એટલે કે આપણી ભૂલોને ઉદારતાથી આપણે માફ કરી એ તરફ દુર્લક્ષ સેવ્યું! શૂરવીરતા એટલે કે દિન દરિદ્ર અથવાતો જેની સહાય, કે પછી પરિવાર, સમાજ, કે દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના કેળવવાની હતી, પણ આપણે આપણી જરૂરિયાતનો જંગ ખેલતાં રહ્યાં! અને એટલે જ સતત હું અને મારું એમાં માનવતા પણ વિસરાઈ ગઈ. પોતાની જાત પર સંયમ રાખી સહિષ્ણુતા બતાવવાની હતી, પણ આપણે તો આપણા ધર્મ પર પ્રહારો થયાં છતાં સહિષ્ણુ બની તમાશો જોતા રહ્યાં! ખેર જે થવાનું હતું તે થઈ ગયું! પણ હજી પસ્તાવો થતો હોય અને યુગ નિર્માણ કે વૈશ્વિક શાંતિ માટે



આપણાથી કંઈક થાય એવું જો ખરેખર ઈચ્છતા હોઈએ તો આ નવરાત્રિ એ ખુદ માટે કોઈ સિદ્ધીનો મનોરથ ત્યજીને મા જગદંબા ને ચરણે જવું પડશે.

કુંડલીની જાગરણ એ યોગ અને તંત્ર વિદ્યાથી સિદ્ધ થતો ભારતીય અધ્યાત્મનો એક બહુ અભીભૂત કરનારો પ્રયોગ છે, પરંતુ એ જટિલ અધ્યાત્મ છે. એટલે કે સીધા સાદા દરેક સંસારી માનવીથી થાય એમ નથી. એની માટે અષ્ટાંગ યોગના દરેક અંગોનો અભ્યાસ જરૂરી છે. પરંતુ કુંડલિની જાગરણની શરુઆત પણ પ્રાણાયામથી જ બતાવી છે, અને પ્રાણાયામમાં પણ અનલોમ વિલોમની જે સૌથી સરળ પ્રક્રિયા છે, એમાં પ્રેરક કુંભક અને રેચકનાં જે ત્રણ આયામ બતાવ્યા છે, એમાં કુંભક એટલે કે શ્વાસને અંદર ટકાવી રાખવાની જે ક્રિયા છે, એ જેટલી લાંબી ચાલે તેમ તમે પ્રાણ ઊર્જાને સ્થિર કરી ઉપરની તરફ લઈ જઈ શકવામાં સફળ થાવ !: આ એક સીધુ સાદુ અને દરેક જણ સમજી શકે એવું નિવેદન છે. આયામનો સીધોસાદો અર્થ કરીએ તો વિસ્તાર થાય, એટલે પ્રાણને આ ત્રણ મહત્વના મોડ પર લાવી એને ઉર્ધ્વ ગમન કરાવવાં ખેંચવાનો પછી રોકવાનો અને પછી ધીરેધીરે છોડવાનો! આ આખી પ્રક્રિયાને અનુલોમ વિલોમ કહેવામાં આવે છે, અને મૂલાધાર ચક્ર એટલે પહેલાં ચક્રથી આ પ્રાણ ઉર્જા કે પ્રાણ શક્તિને એક એક ચક્રમાંથી પસાર કરી છેક ઉપરના એટલે બ્રહ્મરંધ્ર સુધી લાવી સહસ્ત્રાર ચક્ર પર સ્થિર કરવી કે પછી અસ્તિત્વમાં રહેલ પરમ શક્તિ સાથે જોડી દેવી આ આખી જે સફર છે તેને અધ્યાત્મમાં કુંડલિની જાગરણ કહે છે. આપણે ગઈકાલે વાત કરી હતી તેમ કુંડલીની જાગરણની આખી યોગ પ્રક્રિયામાં સાત ચક્રો આવેલા છે, એમાંના પહેલા ચક્ર વિશેની પ્રાથમિકતા શું છે તે જોઈએ.

પરંતુ ચક્ર વિશે વાત કરીએ એ પહેલા ગઈકાલે જેમ આપણે વાત કરી હતી કે મનુષ્ય શરીરમાં ઓછામાં ઓછી ૭૨૦૦ નાડી હોય છે, અને એમાં ત્રણ નાડી એવી છે, કે જે આ કુંડલીની જાગરણ માટે મહત્વની છે, અને ઈડા પિંગળા અને સુષુમ્ણા એ આ ત્રણ નાડી ના નામ છે. ઈડાને ચંદ્ર નાડી પિંગળાને સૂર્યનાડી અને બ્રહ્મનાડી કહેવામાં આવે છે. ચંદ્ર નાડી ઠંડી ઉર્જા એટલે કે નેગેટિવ ઉર્જા આપે છે, સૂર્યનાડી ઉષ્ણ એટલે કે પોઝિટિવ ઉર્જા આપે છે, અને જેમ ગંગા યમુના બે નદીના મિલન એટલે કે પ્રયાગે ત્રીજી નદી સરસ્વતી ઉદ્ભવે છે, એમ આ બંનેના અમુક અમુક ગુણ ભેગા થઈને ત્રીજી નાડી સુષુમ્ણા કે જે કરોડરજ્જુના ૩૩ મણકામાંથી પસાર થઈ અને મસ્તિષ્ક એટલે કે બ્રહ્મ રંધ્ર સુધી જાય છે. પરંતુ સુષુમ્ણા એ તેના નામ પ્રમાણે સુષુપ્ત હોય છે, અને મુલાધાર પાસે સર્પ જેમ કુંડલી મારીને બેઠો હોય એમ આ નાડીમાં આ શક્તિ કુંડલી મારીને બેઠી હોય છે, અને એને યોગ પ્રકિયાથી જગાડવાની હોય છે, અને એટલે અહીં જાગરણ શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે.

મૂલાધાર ચક્ર. માનવ શરીરમાં ગુદા દ્વાર આસપાસ એટલે કે મૂલાધાર ચક્ર પેરીનિયમ પર સ્થિત છે, મલ દ્વાર અને જનન અંગો વચ્ચેની જગ્યા. આ શરીરનું સૌથી મૂળ ચક્ર છે. તેનો રંગ લાલ છે, અને ચાર પાંખડી વાળા કમળનું ચિન્હ બતાવાયું છે. આ ચક્રનો બીજ મંત્ર 'લં' છે અને પૃથ્વી તત્વથી બનેલું છે, તદ ઉપરાંત આ ચક્ર ના દેવતા ગણેશ છે. કુંડલિની જાગરણ કરવું હોય એ સાધક એ આ ચક્રનું ધ્યાન ધરી અને આ આધ્યાત્મિક સફરની શરૂઆત કરવી જોઈએ. મૂલાધાર ચક્ર પૃથ્વી તત્વ અને વિવિધ ગંધ અંગેની ચેતના દ્વારા સૌથી વધારે શક્તિ પ્રાપ્ત કરે છે. તે કરોડરજ્જુ, મૂત્રાશય, કિડની, પગ અને પગના તળિયા ઉપરાંત સમગ્ર પ્રજનન તંત્રને નિયંત્રિત કરવાનું કામ કરે છે. મૂળ ચક્ર વ્યક્તિને સમજદાર બનાવે છે, અને તેના શારીરિક કદને જાળવી રાખે છે. પૃથ્વી તત્વનું બનેલું હોવાથી તે આપણને આધાર આપે છે અને આપણને ધારણ પણ કરે છે. શારીરિક અને માનસિક સંતુલન માટે આ ચક્ર નું ધ્યાન બહુ ફાયદાકારક છે, પણ સાથોસાથ અસંતુલન પણ નુકસાનકારક છે. જમીન પર ખુલ્લા પગે ચાલવાથી આ ચક્રની શક્તિ કાર્યાન્વિત થાય છે, અને શારિરીક તેમજ માનસિક ઘણા ફાયદા થાય છે.

મૂલાધાર ચક્રનો બીજ મંત્ર 'લં' છે અને આ મંત્રનો સતત આકાશ તરફ આંગળા રાખી સવાસન માં સુવું કે સિદ્ધાસન માં બેસવું. 'લં ' એ બીજમંત્રનો શાસ્ત્રીય અર્થ શું થાય છે, એમાં આપણે ન જઈએ, પણ 'લં ' શબ્દ બોલવામાં એ શબ્દ ધ્વનિ ને અંદર તરફ ગ્રહણ કરવામાં આવે છે. મૂલાધાર ચક્ર પૃથ્વી તત્વ પર નિર્ભર હોવાથી આ મંત્ર જાપ કરતી વખતે આપણે પૃથ્વી તત્વને એટલે કે ધીરજ અને સ્થિરતા ને ગ્રહણ કરી આપણો આધાર મજબૂત બનાવવામાં આવે છે. આ ઉપરાંત આ ચક્ર ના દેવતા ગણેશ હોવાથી આ મંત્ર જાપથી વિવેક દ્રષ્ટિ પ્રાપ્ત થાય છે અને!: આપણાં જીવન માટે સાચું સારું ખોટું ખરાબ તરફ નિર્દેશ કરી સંયમી બનાવે છે. તો આવો સરળ અર્થ કરી આપણે આ ચક્રનું ધ્યાન કરી શકીએ તો ઉત્તમ છે, પણ બાકી શું શું ગ્રહણ કરવું જોઈએ ને શું શું ન કરવું એનું ધ્યાન રાખીને જીવન ને ઉત્તમ બનાવી શકાય, એ તરફ વિચારને પરિપક્વ બનાવી વિવેક દ્રષ્ટિની પુષ્ટિ કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના મા ભગવતી ને ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**આપણે ચૈત્ર માસમાં અલુણું ખાવાનું મહત્ત્વ છે એમ ચૈત્ર માસમાં લીમડાના મોર (ફૂલ)નું જ્યુસ બનાવી ત્રણ સાત દિવસ પીવાથી આખું વર્ષ નિરોગી બની રહે છે**

# હથોડી અને છીણીના પ્રહાર વગર પથ્થરોને મૂર્તિઓમાં રૂપાંતરિત કરી શકાતા નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**હજારો મારામારી પથ્થરને પ્રતિમાનો આકાર આપે છે. એ જ રીતે વડીલોનું બિંદું જીવનને શ્રેષ્ઠતા અને દિવ્યતા આપે છે જે જીવન પોતાના વડીલોને માન આપતા શીખે છે તે જ જીવન સમાજ સમક્ષ હંમેશા પૂજનીય અને અનુકરણીય બની શકે છે**

શિસ્તબદ્ધ જીવન હંમેશા આદર્શ જીવન છે. માતા પિતા દ્વારા ઠપકો આપેલો પુત્ર, શિક્ષક દ્વારા ઠપકો આપેલો શિષ્ય અને સુવર્ણકાર દ્વારા હથોડી મારેલું સોનું હંમેશા ઘરેણાં બની જાય છે. હુમલાઓ પણ જીવનમાં સુધારનું કારણ બને છે. પથ્થરોને મૂર્તિઓમાં રૂપાંતરિત કરી શકાતા નથી સિવાય કે તેને સારી રીતે હથોડી અને છીણી ન કરવામાં આવે.

હજારો મારામારી પથ્થરને પ્રતિમાનો આકાર આપે છે. એ જ રીતે વડીલોનું બિંદું જીવનને શ્રેષ્ઠતા અને દિવ્યતા આપે છે. જે જીવન પોતાના વડીલોને માન આપતા શીખે છે તે જ જીવન સમાજ સમક્ષ હંમેશા પૂજનીય અને અનુકરણીય બની શકે છે. આપણા વડીલોની કડવી વાતો જીવનમાં એ લીમડાના પાન જેવી છે, જે બેશક કડવા હશે પણ સ્વાસ્થ્ય માટે ઔષધ તરીકે કામ કરશે નહિ તો જીવન માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. લીમડા ની વાત આવી છે ત્યારે ચૈત્ર નવરાત્રિના શુભ દિવસો ચાલી રહયા છે આપણે ચૈત્ર માસમાં અલુણું ખાવાનું મહત્ત્વ છે એમ ચૈત્ર માસમાં લીમડાના મોર (ફૂલ)નું જ્યુસ બનાવી ત્રણ સાત દિવસ પીવાથી આખું વર્ષ નિરોગી બની રહે છે. શરીરની તાસીર પ્રમાણે લીમડાના મોર ફૂલનું જ્યુસ બનાવી સેવન કરવું જોઈએ.આજે ચિંતન મનનમાં એક કથા જીવન માટે પ્રેરણાદાયી અને ઉપયોગી છે જે સંતોએ શાસ્ત્રો દ્વારા અને મહા પુરુષોએ પોતાના જીવન સંદેશો દ્વારા વિશ્વને સંદેશો આપ્યો છે.

એ લાગણી છે અને એ જ માનવતાને જીવંત રાખવાનો અભિગમ છે.

ચાલો આપણે દરેક સવારને પવિત્ર અને પ્રેરણાદાયી બનાવીએ એ ભાવનાઓના જતન, સંરક્ષણ અને સમૃદ્ધિ માટે.

એક સજ્જન હતા. અમે રેલવે



સ્ટેશન પર અમારી ટ્રેન આવવાની રાહ જોઈ રહ્યા હતા. પરંતુ આજે તેની ટ્રેન મોડી ચાલી રહી હતી.

તે સમયે એક છોકરો તેની પાસે આવ્યો. સજ્જન સાથે નમ્રતાથી વાત કરી રહ્યા હતા ----સર, શું તમે તમારા બુટ પોલીસ્ડ કરાવવા માંગો છો?

સજ્જને છોકરાને ના પાડી. પંદર મિનિટ પછી તે છોકરો ફરીથી પેલા સજ્જન પાસે આવ્યો અને આરઝૂ સાહેબજીને નમ્રતાથી કહ્યું, મહેરબાની કરીને તમારા બૂટની પોલીસ કરાવો, આ ગરીબને મદદ કરશે અને તમારા બૂટ ચમકશે.

આ વખતે જ્યારે સજ્જનની નજર તે બાળક પર પડી ત્યારે તેણે વિચાર્યું કે આ બાળક ગરીબ છે, તો મારે તેને પોલીસ બોલાવવી જોઈએ.એમ વિચારીને તેણે પોતાના બૂટ બાળકની સામે મૂક્યા અને કહ્યું,'તારા બૂટ સારી રીતે મૂક પોલિશ અને ચમકવા માટે.

હા સાહેબ કહેતા છોકરાએ પોલીસ ચાલુ કરી.

પરંતુ બાળકની યોગ્ય રીતે પોલીસ કરી શકાઈ ન હતી. બુટ જોઈએ તેવો ચમકતો ન હતો.

સજ્જન છોકરાને કહેવા લાગ્યા કે જો તું પોલીસ બરાબર નથી ચલાવી શકતો તો બીજાનો સમય કેમ બગાડે છે.બહાર જાઓ,પૈસા મફતમાં આવતા નથી.

જો તમે ઉપરથી નીચે સુધી પર સેવો પાડો છો, તો તમને પૈસા મળે છે.

જ્યારે છોકરો અવાચક ઊભો હતો, ત્યારે તેનો એક મિત્ર, એક પોલીસ અધિકારી, સજ્જન પાસે આવ્યો અને કહ્યું, "મને તમારા બટને સખત ચમકવા દો, સાહેબ." સજ્જને ખુશીથી તેણીને તેના બટ પોલીસ કરવા કહ્યું. તેણે સંપૂર્ણ સમર્પણ સાથે પોલીસ બંદોબસ્ત કર્યો. વાસ્તવિકતા આ રીતે ચમકતી હતી.

ખબર નહીં, તમે આજે જ દુકાન માંથી ખરીદી કરી હશે.તેની મહેનતના પૈસા બીજા છોકરાને આપતાં તે સજ્જન ખુશ થયા અને બોલ્યા વાહ! તમારા જેવા કોઈની જરૂર હતી. બીજો છોકરો પૈસા લઈને એ જ જગ્યાએ બેસી ને બીમાર પડ્યો તેના ભાગીદારને અમાન્ય આપ્યું.

સજ્જન અવાચક રહી ગયા - બંને જતા રહ્યા ત્યારે સજ્જને બીજા છોકરાને પોતાની પાસે બોલાવ્યો અને પૂછ્યું,તમે મહેનત કરીને પૈસા પહેલા છોકરાનેઆપ્યા તમે આવું કેમ કર્યું?"

પછી મારા પહેલાના મિત્રથી થોડુ અંતર બનાવીને મેં પેલા સજ્જનને કહ્યું, સાહેબ, તમને શું કહું, મારો આ જ મિત્ર છ મહિના પહેલા ટ્રેન માંથી પડી ગયો હતો. તેના બંને હાથ અને પગ ભાંગી ગયા હતા. ભગવાનની કૃપાથી તે બચી ગયો. અમે(બુટ ચપ્પલ)પોલીસ સાથીઓ તેને હોસ્પિટલમાં દાખલ કર્યો. જ્યારે તે સ્વસ્થ થયો ત્યારે અમે તમામ ખર્ચ ઉઠાવ્યો. પછી અમે તેને અમારી સાથે રાખીએ છીએ અને આ રીતે અમે તેને તેના કામમાં મદદ કરીએ છીએ.

સાહેબ, તે ખૂબ જ સ્વાભિમાની છોકરો છે અને કોઈ પણ વસ્તુને ગ્રાન્ટેડ નથી લેતો.તેના પરિવારમાં તેના પિતા નથી. માતા વૃદ્ધ છે અને તે ત્રણ બહેનો નો મોટો ભાઈ છે. અમે બધાએ તેને આરામ કરવાનું કહ્યું તેમ છતાં, આત્મનિર્ભર અને સ્વાભિ માની હોવાને કારણે, એક પણ આપણું સાંભળતું નથી.

પછી અમારા બુટ ચંપલ એસોસિએશનના મુખ્ય અને તેના સાથી દારો મહિનાના એક દિવસની કમાણી તે સાથી પરિવારના ઘરે મોકલે છે અને આ રીતે પરિવારનું ભરણ પોષણ થાય છે.

અમારા એસોસિએશનના વડા દર મહિને એક મીટિંગ કરે છે અને તેમાં તે અમને માનવતાને જીવંત રાખવા માટે પ્રેરણાદાયી વાતો કહે છે અને અમે બધા તેને અનુસરીએ છીએ.

આટલું કહીને જ્યારે બીજો પોલીસ જવાનો જવા લાગ્યો ત્યારે તેણે ફરી પાછો ફોન કર્યો અને બીમાર છોકરાના પરિવારને થોડા પૈસા આપ્યા અને વધુ મદદ કરવાની વાત પણ કરી. એક ટૂંકી વાર્તા છે કે એક જૂતા-ચપ્પલ પોલીસ મંડળ પણ લાચારને મદદ કરે છે. જો આપણે જરૂરિયાતમંદો માટે કંઈક કરી શકીએ છીએ, તો આપણે જ્યાં પણ હોઈએ ત્યાં પણ કરી શકીએ છીએ. શું આપણે વ્યક્તિઓને થોડી મદદ ન કરી શકીએ? કોઈએ સાચું જ કહ્યું છે - એ વાત બાજુ પર રાખો, બીજી વાત એ છે કે જરૂરિયાતમંદ લાચાર અને વંચિત લોકોને તન, મન અને ધનથી નિઃસ્વાર્થ મદદ કરવી એ ભગવાનની ભક્તિ છે.

વાચક ચાહક મિત્રો, કાળઝાળ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે ત્યારે આ ગરમીમાં બિનજરૂરી રઝળ પાટ બંધ કરી પ્રવાહી પીણાં પીવા છાંયડામાં પોતાનું કાર્ય કરવું અને સ્વસ્થ રહેવું.

# 'નો એન્ટ્રી ૨'ની ૧૦માંથી ૩ હિરોઈનોના નામ જાહેર થયા



'નો એન્ટ્રી ૨'ને હાલમાં 'નો એન્ટ્રી મેં એન્ટ્રી' કહેવામાં આવી રહ્યું છે

## ફિલ્મમાં અનિલ કપૂર, ફરદીન ખાન, લારા દત્તા, એશા દેઓલ સહિત ઘણા કલાકારો હતા

સલમાન ખાનની ફિલ્મ 'નો એન્ટ્રી ૨'ને લઈને દરરોજ નવા અપડેટ્સ સામે આવી રહ્યા છે. આ ૨૦૦૫માં આવેલી ફિલ્મ 'નો એન્ટ્રી'ની સિક્વલ છે. દર્શકોને આ ફિલ્મ ખૂબ જ પસંદ પડી હતી. આમાં ઘણાં બધા સ્ટાર્સ એક સાથે જોવા મળ્યા હતા. ફિલ્મમાં અનિલ કપૂર, ફરદીન ખાન, લારા દત્તા, એશા દેઓલ સહિત ઘણા કલાકારો હતા. આ ફિલ્મનું નિર્દેશન અનીસ બઝમીએ કર્યું હતું. હવે તેની સિક્વલ બનવા જઈ રહી છે.

ફિલ્મ નિર્માતા બોની કપૂરે તાજેતરમાં જ ફિલ્મની સ્ટાર કાસ્ટ વિશે મોટું અપડેટ આપ્યું હતું. બોની કપૂરે કહ્યું હતું કે 'નો એન્ટ્રી ૨'માં એકસાથે ૧૦ અભિનેત્રીઓ સાથે જોવા મળશે. પરંતુ તેઓ કઈ અભિનેત્રીઓ હશે? તે અંગે કોઈ ખુલાસો નહોતો કરાયો. રિપોર્ટ્સ અનુસાર, હવે ફિલ્મમાં જોવા મળનારી ૧૦માંથી ૩ એક્ટ્રેસ વિશે જાણકારી મળી છે. આમાં પહેલું નામ છે શ્રદ્ધા કપૂરનું. તાજેતરમાં જ શાહિદ કપૂર સાથેની ફિલ્મ 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા'માં લીડ રોલમાં જોવા મળેલી કૃતિ સેનનનું નામ આવે છે. શ્રદ્ધા કપૂર અને કૃતિ સેનન સાથે ત્રીજું નામ માનુષી છિલ્લરનું છે. પરંતુ તે પહેલાં માનુષી છિલ્લર ૧૦ એપ્રિલે રિલીઝ થનારી અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સાથે બડે મિયાં છોટે મિયાંમાં જોવા મળશે.

આ ત્રણેય અભિનેત્રીઓ અનીસ બઝમીની ફિલ્મ 'નો એન્ટ્રી ૨'માં સાથે જોવા મળશે. અગાઉ, જ્યારે અનીસ બઝમીને 'નો એન્ટ્રી'ની સ્ટાર કાસ્ટ માટે સલમાન ખાન વિશે પૂછવામાં આવ્યું કે, શું સલમાન ખાન આ ફિલ્મમાં જોવા મળશે? તેણે જવાબ આપ્યો હતો કે સલમાન ખાન અને અનિલ કપૂરને 'નો એન્ટ્રી'માંથી કોઈ રિપ્લેસ નહીં કરી શકે. આ રીતે તેણે ફિલ્મમાં સલમાન ખાન અને અનિલ કપૂરના નામની પુષ્ટિ કરી છે. ફિલ્મમાં પુરૂષ કલાકારો અર્જુન કપૂર, વરુણ ધવન અને દિલજીત દોસાંઝ ફાઈનલ છે. અર્જુન કપૂર, વરુણ ધવન અને દિલજીત દોસાંઝ પહેલીવાર 'નો એન્ટ્રી'માં સાથે સ્ક્રીન શેર કરવા જઈ રહ્યા છે. 'નો એન્ટ્રી ૨'ને હાલમાં 'નો એન્ટ્રી મેં એન્ટ્રી' કહેવામાં આવી રહ્યું છે. જોકે, મેકર્સ દ્વારા હજુ સુધી નામ અંગે કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી.

# ડાન્સ સ્ટેપના કારણે છેલ્લા પાંચ વર્ષથી પીડાઈ રહી છે નોરા ફતેહી



નોરા ફતેહી પોતાના શાનદાર ડાંસ સ્ટાઈલના કારણે ફેમસ છે. એક્ટ્રેસે ઘણી ફિલ્મોમાં હોશ ઉડાવી દે તેવા ડાંસ સ્ટેપ કર્યા છે. પરંતુ એક્ટ્રેસ પાછલા પાંચ વર્ષોથી પીડામાં છે. નોરા ફતેહીનું ફિલ્મ 'બાટલા હાઉસ'માં 'સાકી સાકી' સોન્ગ ખૂબ જ ફેમસ થયું હતું. એક્ટ્રેસ પોતાના શાનદાર ડાંસ પરફોર્મન્સથી સ્ક્રની પર આગ લગાવી દીધી હતી. જોકે આ ગીતના કારણે તેને ખૂબ જ પીડા સહન કરવી પડી હતી. એક્ટ્રેસે હાલમાં જ તેનો ખુલાસો કર્યો છે. ફિલ્મ 'બાટલા હાઉસ'માં 'સાકી સાકી' ગીતે એક્ટ્રેસની કિસ્મત તો બદલી નાખી પરંતુ આ સોન્ગ પર ડાંસ કરતા સમયે નોરા ફતેહીને ખૂબ જ શારીરિક સ્ટ્રેસનો સામનો કરવો પડ્યો હતો.

હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં નોરાએ જણાવ્યું કે ઘણી બધી વખત હુક સ્ટેપની પ્રેક્ટિસ કરી અને તેને સ્ટેજ પર પણ ઘણી વખત પરફોર્મ કર્યું છે. એક્ટ્રેસે જણાવ્યું, ''આ એટલો મુશ્કેલ સ્ટેપ હતો કે હું હજું પણ ફિઝિયોથેરાપી કરું છું.'' એક્ટ્રેસે ખુલાસો કર્યો કે સ્ટેપ અને ડાંસના કારણે થતા દુખાવાના કારણે તે પાછલા પાંચ વર્ષથી ફિઝિયોથેરાપી કરી રહી છે. નોરાએ કહ્યું, ''આ મારા ફેવરેટ સ્ટેપમાંથી એક છે. મને લાગે છે કે તે સ્ટેપથી લોકોને કહેવું પડ્યું છે કે વાહ! વાહ શું કરી રહી છે.'' એક્ટ્રેસે કહ્યું કે ડાંસે ઘણા લોકોને પોતાને શારીરિક રીતે આગળ વધવા માટે ઈન્સ્પાયર કર્યા છે.

**નોરા ફતેહીનું ફિલ્મ 'બાટલા હાઉસ'માં 'સાકી સાકી' સોન્ગ ખૂબ જ ફેમસ થયું હતું**

# 'બડે મિયાં છોટે મિયાં'ના એડવાન્સ બુકિંગમાં છપ્પરફાડ કમાણી થઈ રહી છે

## ૧૨ હજાર ટિકિટોના વેચાણની સાથે ફિલ્મએ પહેલાં જ બોક્સ ઓફિસ પર હિટ ફિલ્મ હોવાની હિન્ટ આપી દીધી છે





અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' રિલીઝ પહેલાં ખૂબ લાઈમલાઈટમાં રહે છે. ફિલ્મએ એડવાન્સ બુકિંગમાં ધમાલ મચાવી દીધી છે. મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થાય એ પહેલાં એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયુ છે. 'બડે મિયાં છોટે મિયાં'ની ટિકિટોનું એડવાન્સ બુકિંગ બહુ ઝડપથી થઈ રહ્યુ છે. આ વચ્ચે એડવાન્સ બુકિંગના પહેલાં દિવસનું કલેક્શન સામે આવ્યુ છે.

આ કલેક્શન જોતા સ્પષ્ટ રીતે એવુ લાગી રહ્યુ છે કે અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ પહેલાં દિવસે જબરજસ્ત કમાણી કરશે. સૈકનિલ્કના રિપોર્ટ અનુસાર અલી અબ્બાસ જફર દ્વારા નિર્દેશિત ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'ના એડવાન્સ બુકિંગના પહેલાં દિવસે ૧૨૦૦૦ થી વધારે ટિકિટ વેચીને લાખો રૂપિયાની કમાણી કરી લીધી છે. ૧૦ એપ્રિલના રોજ મોટા પડદા પર મુવી રિલીઝ થાય ત્યારે તમે પહેલી વાર અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફને એક્શન કરતા સાથે જોઈ શકશઓ. ૧૨ હજાર ટિકિટોના વેચાણની સાથે ફિલ્મએ પહેલાં જ બોક્સ ઓફિસ પર હિટ ફિલ્મ હોવાની હિન્ટ આપી દીધી છે.

અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની એક્શન, કોમેડી અને રોમાન્સથી ભરપૂર ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' ની રિલીઝ પહેલાં ૧૨૦૦૦થી પણ વધારે ટિકિટો વહેંચાઈ ગઈ છે. ફેન્સ આ મુવીને લઈને સુપર એક્સાઈટેડ છે. આમ વાત કરવામાં આવે તો 'બડે મિયાં છોટે મિયાં' અને અજય દેવગનની મેદાન ફિલ્મ બન્ને એક સાથે રિલીઝ થશે. બન્ને ફિલ્મને લઈને ફેન્સમાં જોરદાર ક્રેઝ જોવા મળી રહ્યો છે. જો કે આ બન્ને મુવીમાંથી કોન કોણે ટક્કર આપે છે એ જોવાનું રહ્યું.'બડે મિયાં છોટે મિયાં'ફિલ્મમાં ધમાકેદાર એક્શન જોવા મળવાની છે. મેકર્સે સ્ટંટ અને એક્શન સીન્સને કમાલના બનાવવા માટે રિયલ લોકેશન પર શૂટિંગ કર્યુ છે. મેકર્સનું કહેવુ છે કે આ બધા સ્ટંટ્સ રિયલ છે અને ફિલ્મમાં ઓછામાં ઓછા વીએફએક્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે મેદાન ફિલ્મ ૧૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થશે. અજય દેવગન સ્ટારર આ ફિલ્મ ફૂટબોલ કોચ સૈયદ અબ્દુલ રહીમ પર આધારિત છે. બોની કપૂર, આકાશ ચાવલા, અરુણવ જોય સેનગુપ્તા અને ઝી સ્ટૂડિયો દ્વારા નિર્મિત આ ફિલ્મમાં અજય સિવાય પ્રિયામણિ, રુદ્રનીલ ઘોષ અને ગજરાજ રાવ પણ છે. આ સિવાય અજય, ઔરો મેં કહાં દમ થા, સિંઘમ અગેન, રેડ ૨, ગોલમાલ ૫, દે દે પ્યાર દે ૨ જેવી ફિલ્મોમાં નજરે પડશે.

# મિરઝાપુરની સિઝન ૪ની પણ યોજના હોવાનો રસિકા દુગ્ગલનો સંકેત

## નિર્માતા રિતેશ સિધવાનીએ સંકેત આપ્યો હતો કે, 'મુન્ના'ની વાપસી થશે પણ તેના પુનરાગમનની આસપાસ રહસ્ય ગૂંથવામાં આવશે



મિરઝાપુર વેબસિરીઝ સૌથી લોકપ્રિય સિરીઝમાં સ્થાન પામે છે. તાજેતરમાં જ નિર્માતાઓએ એમેઝોન પ્રાઈમ વીડિયો પર તેની ત્રીજી સીઝન સ્ટ્રીમ કરવાની જાહેરાત કરીને દર્શકોની ઉત્સુકતા વધારી દીધી છે. ચાહકો ત્રીજી સીઝનની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે ત્યારે રસિકા દુગ્ગલે મિરઝાપુર-૪ બનવાનાં પણ સંકેત આપ્યા છે. મિરઝાપુર-૪ કદાચ શોની છેલ્લી સિઝન હોવાનું મનાય છે. શોમાં બીના ત્રિપાઠીની ભૂમિકા ભજવનાર રસિકા દુગ્ગલે ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, મિરઝાપુર-૩ જોયા પછી લોકો મિરઝાપુર-૪ જોવા અધીરા બનશે. સિઝન-૨માં ગુડ્ડુ ભૈયા ઉર્ફે અલી ફઝલે બદલો લીધો હતો અને તેના પરિવારને ખતમ કરવા બદલ મુન્ના (દિવ્યેન્દુ ગાંગુલી)ની હત્યા કરી હતી. જોકે, આગામી સિઝનમાં 'મુન્ના'ની રહસ્યમય એન્ટ્રી થશે અને શોમાં ટ્વિસ્ટ આવશે. નિર્માતા રિતેશ સિધવાનીએ સંકેત આપ્યો હતો કે, 'મુન્ના'ની વાપસી થશે પણ તેના પુનરાગમનની આસપાસ રહસ્ય ગૂંથવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, ''મુન્ના ત્રિપાઠી પુનરાગમન કરશે, પણ તેની એન્ટ્રી અસામાન્ય હશે. એક્ટર દિવ્યેન્દુ શર્મા પરિવારમાં પાછો આવશે, પણ દર્શકો સમક્ષ તેના કેરેક્ટરને અલગ રીતે રજૂ કરાશે.'' સિઝન-૩માં કાલીન ભૈયા તરીકે પંકજ ત્રિપાઠીની તાકાત અને વગ બમણાં હશે. મુન્નાના મૃત્યુ પછી બીના ત્રિપાઠી તેના પુત્રને આગામી ઉત્તરાધિકારી બનાવશે.

# સૈફ અલી ખાન ૧૭ વર્ષ પછી ડાયરેક્ટર સિદ્ધાર્થ આનંદ સાથે કામ કરશે

સૈફ અલી ખાનની છેલ્લી ફિલ્મ 'આદિપુરુષ' ફ્લોપ સાબિત થઈ હતી. છેલ્લાં કેટલાંક સમયથી તેની આગામી ફિલ્મની કોઈ ચર્ચા નહોતી પણ લેટેસ્ટ અહેવાલ પ્રમાણે સૈફ એક મોટા ડિરેક્ટર સાથે કામ કરે તેવી સંભાવના છે, જેમની સાથે તેણે ૧૭ વર્ષ પહેલા કામ કર્યુ હતું અને કુલ બે ફિલ્મ કરી છે. તાજેતરમાં સૈફઅલી ખાન એક જગ્યાએ 'પઠાન' અને 'ફાઈટર' જેવી મોટી ફિલ્મ બનાવનાર ડાયરેક્ટર સિદ્ધાર્થ આનંદની સાથે જોવા મળ્યો હતો. બંનેનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં બંને ભેટીને કેમેરામાં પોઝ આપતા જોવા મળ્યા. આ વીડિયા સામે આવ્યા પછીથી બંને ફિલ્મમાં સાથે કામ કરે તેવી ચર્ચા શરુ થઈ છે. તાજેતરના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે સિદ્ધાર્થ પોતાના પ્રોડક્શન હાઉસ માર્કલિક્સના બેનર હેઠળ ફિલ્મ પ્રોડ્યુસ કરશે, જેમાં ભરપુર એક્શન અને એક શાનદાર કહાની જોવા મળશે. આ પ્રોજેક્ટ માટે સૈફઅલી અને સિદ્ધાર્થે જોડાણ કર્યુ હોવાનું કહેવાય છે. આ ફિલ્મનું નામ 'જ્વેલ થીફ' હોવાનું કહેવામાં આવી રહ્યું છે. એવી પણ ચર્ચા છે કે આ ફિલ્મમાં સૈફઅલીની સાથે જયદીપ અહલાવત પણ જોવા મળશે. જોકે, હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. પ્રાથમિક માહિતી પ્રમાણે સૈફ અને સિદ્ધાર્થની આ ફિલ્મ નેટફિલક્સ પર આવશે.

### હું મારા જૂના ઘરે જઉં છું ત્યારે મને સારું લાગે છે : અક્ષય

# અક્ષયકુમાર દર મહિને બાન્દ્રામાં તેનાં જૂના ઘર અને સ્કૂલમાં જાય છે



અક્ષયકુમાર ફિલ્મી બેકગ્રાઉન્ડમાંથી ન હોવા છતાં તેણે ખૂબ સંઘર્ષ દ્વારા સ્ટારડમ મેળવ્યું છે. આ ઈન્ટરવ્યુમાં અક્ષયે જણાવ્યું કે, હું આજે પણ દર મહિને મુંબઈમાં પોતાનાં જૂના ઘરો અને સ્કુલમાં જઉં છું. ''હું સવારે ચાર વાગે ઉઠીને મારી કાર કાઢું છું અને સાયન-કોલીવાડામાં જ્યાં રહેતો હતો તે ઘરે જવા નીકળી પડું છું. અમે આ ઘરમાં મહિને ૧૦૦ રૂપિયાનાં ભાડામાં રહેતા હતા. આ ઉપરાંત બાન્દ્રા ઈસ્ટમાં પણ મારું એક ઘર હતું. ત્યાં પણ હું જઉં છું. હું જ્યાં ભણ્યો હતો તે સ્કુલમાં પણ જઉં છું. ત્યાં એક ડોન બોસ્કો ચર્ચ પણ છે. ક્યારેક ક્યારેક ચર્ચમાં પણ જઉં છું. ચોકીદાર મને જવા દે છે. જ્યારે હું મારા જૂના ઘરે જઉં છું ત્યારે મને સારું લાગે છે.'' અક્ષયે જણાવ્યું કે, ''હું પહેલાં જ્યાં ભાડે રહેતો હતો ત્યાંની બિલ્ડિંગ હવે ટૂટવાની છે. મેં બિલ્ડરને કહ્યું છે કે ત્યાં જે નવી બિલ્ડિંગ બને તેમાં હું ત્રીજો માળ ખરીદી લઈશ. અહીં બે બેડરૂમનો ફ્લેટ હું ખરીદી લઈશ. હું ત્યાં રહીશ નહીં પણ ઘર ખરીદીને રાખી મૂકીશ.'' ભૂતકાળની યાદોમાં સરી જતા અક્ષય કહે છે, જૂના ઘર સાથે મારી અનેક યાદો સંકળાયેલી છે. મને હજુ પણ યાદ છે, જ્યારે પિતાજી નવથી છની નોકરી કરીને પાછા આવતા હતા ત્યારે હું અને મારી બેન એ ઘરની બારી પાસે જઈને તેમને ઘરે આવતા જોઈતા હતા. આ દ્રશ્ય હજુ મારા માનસપટલ પર અંકિત છે. અક્ષયે વધુમાં જણાવ્યું કે, ''અહીં હજુ પણ જામફળનું ઝાડ છે અને આજે પણ હું જૂના ઘરે જઉં છું ત્યારે ઝાડ પરથી જામફળ તોડીને ઘરે લઈ જવું છું. અહીં મારા મૂળિયાં છે અને હું તેની સાથે જોડે જોડાયેલો રહેવા માંગું છું.

# ઈન્સ્ટાગ્રામ પર 'પુષ્પા ધ રૂલ'ના ટીઝરના કર્યા વખાણ ભરપેટ વખાણ



અલ્લુ અર્જુન માટે ૪૨મો જન્મદિવસ ખૂબ જ ખાસ હતો. ફિલ્મ પુષ્પા ધ રૂલનું ટીઝર અભિનેતાના જન્મદિવસ પર રિલીઝ કરવામાં આવ્યું છે. આ સાથે અભિનેતા આખો દિવસ સમાચારમાં રહ્યો. દરમિયાન, બોલિવૂડ દિવા આલિયા ભટ્ટે પણ પુષ્પા ધ રૂલના ટીઝર માટે અલ્લુ અર્જુનને અભિનંદન અને વખાણ કર્યા હતા. અલ્લુ અર્જુનની બહુપ્રતિક્ષિત ફિલ્મ પુષ્પા ૨ નું ટીઝર ધૂમ મચાવી રહ્યું છે. ૮ એપ્રિલના રોજ, નિર્માતાઓએ અભિનેતાના જન્મદિવસ પર ફિલ્મનું ટીઝર રિલીઝ કર્યું હતું, જે રિલીઝ થતાંની સાથે જ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયું હતું. બોલિવૂડ પણ આનાથી અછૂત નથી રહ્યું. દિવા આલિયા ભટ્ટે પુષ્પા ૨ ના ટીઝર માટે અલ્લુ અર્જુનના વખાણ કર્યા છે. પુષ્પા ધ રૂલના ટીઝરથી આલિયા ભટ્ટ ખૂબ જ પ્રભાવિત છે. અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર પણ આ ફિલ્મને લઈને પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. બદલામાં તેને અલ્લુ અર્જુન તરફથી જવાબ પણ મળ્યો.

# ગુજરાતમાં ક્ષત્રિય આંદોલન હવે ગામડાઓ સુધી પહોંચ્યું

। ગાંધીનગર, તા.૯ ।

ગુજરાતમાં ક્ષત્રિય આંદોલન હવે ગામડાઓ સુધી પહોંચ્યું છે ભલે શહેરમાં જુવાળ ન હોય પણ ગામડાઓમાં પોસ્ટર વોર શરૂ થયું છે. હવે સોશિયલ મીડિયા પર કેમ્પેઈન ચાલું થયા છે. ભાજપ આ તમામ બાબતો પર નજર રાખી રહી છે પણ ઝૂકવાના મૂડમાં નથી. ક્ષત્રિયો ભલે એક પણ બેઠક ન હરાવી શકે પણ ભાજપના ટાર્ગેટને નુકસાન કરશે એ વાસ્તવિકતા છેગુજરાતમાં ક્ષત્રિય આંદોલન વકરતું જાય છે. ભાજપ ૨૬માંથી ૧૨ બેઠકો પર દબદબો ધરાવતા પાટીદાર સમાજના રૂપાલાને રાજકોટથી લડાવવાના મૂડમાં છે ત્યાં આ આંદોલન દેશભરમાં ફેલાય તો નવાઈ નહીં.

આજે કેન્દ્રીય મંત્રી રાજનાથસિંહે આ મામલાનો જલદી ઉકેલ આવશે તેવી બાંહેધરી આપી છે પણ અંદાજિત ૭૫ લાખ મતબેંક ધરાવતા ક્ષત્રિયોનો વિવાદ દેશમાં પહોંચ્યો તો ૨૨ કરોડ મતદારો સુધી આ મામલો પહોંચશે. ગુજરાતમાં ક્ષત્રિયોમાં ભાગલા પડ્યા હોવાથી ભાજપને આ આંદોલનથી નુકસાન જવાનો નહિવત ડર છે પણ હવે વટનો સવાલ હોવાથી ક્ષત્રિયો પણ ઝૂકવાના મૂડમાં નથી. હવે આ વિવાદ એક બે નેતાઓના હાથમાં ન હોવાથી આ બાબતનો ઉકેલ આવે તેવી સંભાવના ઓછી છે. શહેરમાં ભલે આ આંદોલનની અસર દેખાતી ન હોય પણ ક્ષત્રિય સમાજનું પ્રભુત્વ ધરાવતા ગામડાઓમાં પોસ્ટર યુદ્ધ શરૂ થયું છે. ગામે ગામ ભાજપ વિરોધી પોસ્ટરો લાગવાના શરૂ થયા છે અને ક્ષત્રિયો ભાજપને વોટ ન આપવા માટે કુળદેવીના સોગંધ લઈ રહ્યાં છે. રાજકોટમાંથી રૂપાલા ૧૬મીએ ફોર્મ ભરવાના છે એ પહેલાં ગુજરાતની રાજનીતિમાં મોટા નિર્ણયો લેવાય તો પણ નવાઈ નહીં કારણ કે ક્ષત્રિયો અને રૂપાલા વચ્ચે હવે આરપારની લડાઈ શરૂ થઈ છે.



રૂપાલા ભલે ૫ લાખની લીડથી જીતી જાય પણ રૂપાલાને કારણે લાખો વોટ તૂટશે એ પણ હકિકત છે. ક્ષત્રિયોએ હવે સોશિયલ મીડિયાનો સહારો લીધો છે અને ભાજપના વોટ તોડવા માટે રીતસરનું કેમ્પેઈન ચલાવી રહ્યાં છે. હાલમાં સોશિયલ મીડિયાના ગ્રૂપો ક્ષત્રિયોના આંદોલનથી ભરાયેલા છે. હવે આ વિવાદનો ઉકેલ ન આવ્યો તો ક્ષત્રિય પ્રભુત્વ ધરાવતા ગામડ-ાઓમાં ભાજપ વિરોધી મતદાન થવાની પૂરી સંભાવના છે. સીઆર પાટીલ લોકસભામાં ૨૬માંથી ૨૬ બેઠકો જીતવા માટે ૫૦થી ૫૫ લાખ મત વધારવાનો ટાર્ગેટ મૂકી રહ્યાં છે પણ આ આંદોલન સરકારના હાથમાંથી નીકળી ગયું તો અંદાજિત ૫૦ લાખ વોટનો ભાજપને ફટકો પડશે. ભાજપે લોકસભામાં ૨.૩૦ કરોડ મતનો ટાર્ગેટ મૂક્યો છે. ગત વિધાનસભામાં ભાજપને ૧.૬૭ કરોડ, આપને ૪૦ લાખ અને કોંગ્રેસને ૮૦ લાખ મત મળ્યા હતા.

ક્ષત્રિયો ભાજપની કમિટેડ વોટબેંક ગણાય છે. જો ગુજરાતના ક્ષત્રિય સમાજના ૭૫ લાખમાંથી ૫૦ લાખ મતો પણ ભાજપ વિરોધી પડ્યા તો કોંગ્રેસ અને આપના ગઠબંધન વચ્ચે આ આંકડો ભાજપની નજીક પહોંચી જશે. એ યાદ રાખવું જરૂરી છે કે વિધાનસભામાં મતદાન એ હંમેશાં ઓછું રહેતું હોય છે. આમ છતાં ભાજપને ૨૬માંથી કોઈ પણ બેઠકમાં હરાવવા માટે ક્ષત્રિયો પાસે પૂરતી વોટબેંક નથી એ કડવી વાસ્તવિકતા પણ છે એટલે જ ભાજપ કોઈ પણ સંજોગોમાં ઝૂકવાના મૂડમાં નથી. ગુજરાતની ૨૬ લોકસભાની બેઠકો પર પાટીદાર સમાજનો દબદબો છે. પાટીદાર આંદોલન બાદ કેટલાક પાટીદારો ભાજપથી વિમુખ થઈ જતાં ભાજપને અપેક્ષા છે કે ક્ષત્રિય આંદોલનને પગલે લેઉવા અને કડવા મતબેંક ફરી એક થઈ જશે અને ભાજપના હાથ મજબૂત થશે. જે માટે ભાજપ ક્ષત્રિય આંદોલનને મહત્વ આપી રહી નથી. હાઈકમાન્ડમાંથી સૂચના છે કે રૂપાલાની ટિકિટ નહીં કપાય ભલે કોઈ પણ સમાજ નારાજ થાય...હવે સ્થિતિ એવી છે કે પાટીદારોને નજીક લાવવામાં ભાજપ ક્ષત્રિયોની કમિટેડ વોટબેંકને નજર અંદાજ કરી રહી છે. હાલમાં આ આંદોલન ગુજરાત પુરતું છે પણ આ આંદોલન વકર્યું તો દેશના ૨૨ કરોડ ક્ષત્રિયોને સીધી અસર કરશે. ગુજરાતની વાત કરીએ તો ઉત્તર ગુજરાતની પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને મધ્ય ગુજરાતની ખેડા, આણંદ પર ક્ષત્રિય અને ઠાકોર સમાજનું વર્ચસ્વ છે. આ સિવાય ગુજરાતની ૫ બેઠકો પર ક્ષત્રિય સમાજના ૫થી લઈને ૧૫ ટકા મતો છે. ગુજરાતમાં વિકાસના રાજકારણને બદલે હાલમાં ક્ષાતિવાદનું રાજકારણ હાવી થઈ રહ્યું છે. રાજ્યમાં પાટીદાર સમાજ એ ૧૭ ટકા મતો સાથે સૌથી પાવરફૂલ સમાજ છે. રૂપાલા એ કડવા પાટીદાર છે. ભાજપને ડર છે કે રૂપાલાને હટાવવા જતાં પાટીદાર સમાજ નારાજ થશે. હાલમાં ચાલતું આંદોલન એ ફક્ત ગરાસિયા સુધી જ સીમિત છે. ગુજરાતમાં રાજપૂત સમાજની વાત કરીએ તો કારડિયા રાજપૂતોની સંખ્યા ભાવનગર, અમરેલીથી લઈને સૌરાષ્ટ્રમાં છે. કાઠી દરબારો એ જસદણથી લઈને વીંછિયા સુધી છે. નાડોદા રાજપૂત સમાજ એ વઢિયાળ પ્રાંતમાં વિરમગામથી લઈને પાટણ સુધી ફેલાયેલો છે.

## ચૈત્ર નવરાત્રીના પ્રથમ દિવસે સોનાના ભાવે રેકોર્ડ બનાવ્યો, સોનું ૭૧ હજારને પાર પહોંચ્યુ

। નવીદિલ્હી, તા.૯ ।

ચૈત્ર નવરાત્રીના પ્રથમ દિવસે સોનાના ભાવે નવો રેકોર્ડ બનાવ્યો છે. ચાંદીના ભાવમાં પણ વધારો થયો છે. ચીન અને ભારતની મધ્યસ્થ બેંકો દ્વારા સોનાની ખરીદી અને સુરક્ષિત રોકાણની માંગને કારણે સોનાને ટેકો મળી રહ્યો છે. વૈશ્વિક બજારમાં સોનાની કિંમત નવી ટોચે પહોંચી છે. હવે સોનાએ ૭૧ હજારની સપાટી પણ ક્રોસ કરી લીધી છે અને હાલ ૧.૩૦ એટલે કે આ સમાચાર લખાયા તે સમયે સોનાનો ભાવ ૭૩,૭૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પહોંચ્યો છે. સ્થાનિક વાયદા બજારમાં સોનાની કિંમત નવા રેકોર્ડ પર પહોંચી ગઈ છે. સવારે ૧૧. ૧૫ વાગ્યાની આસપાસ એમસીએક્સ પર સોનું રૂ. ૭૧, ૧૨૮ પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ કરી રહ્યું હતું, જે શરૂઆતના વેપારમાં રૂ. ૭૧,૧૫૦ પ્રતિ ૧૦ ગ્રામની સર્વકાલીન ટોચે પહોંચી ગયું હતું. ચાંદીના ભાવમાં પણ વધારો થયો છે, જે ૮૧,૯૧૫ રૂપિયા પ્રતિ કિલો પર ટ્રેડ થઈ રહ્યો છે. આ પહેલા સોમવારે ચાંદીએ પ્રથમ વખત ૮૨,૧૦૦ રૂપિયાની રેકોર્ડ સપાટી વટાવી હતી. પણ હાલ ૧.૩૦ સોનાના ભાવ ૭૩,૭૦૦ પર છે. આ વર્ષે, તુર્કી, ભારત, ચીન, કઝાકિસ્તાન સહિત કેટલાક પૂર્વ યુરોપિયન દેશોની મધ્યસ્થ બેંકો સતત સોનાની ખરીદી કરી રહી છે. ફેડ પોલિસી જૂનમાં વ્યાજદરમાં ઘટાડો કરે તેવી ધારણા છે. આ ઉપરાંત સુરક્ષિત રોકાણની માંગ પણ વધી છે. આ તમામ ટ્રિગર્સથી સોનાને સપોર્ટ મળી રહ્યો છે.

## ઝાલોદ કોલેજના સેમેસ્ટર ૬ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ ખાતે કોલેજમાં સેમેસ્ટર ૬ નો અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં આચાર્યશ્રી મધુકર પટેલ સાહેબ, ડૉ. ડી. સી. યાદવ અને પ્રોફે. એસ. જે. દાસ સહિત તમામ કોલેજ પરિવારે વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કૉલેજના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. આશિષ મોદી સાહેબ દ્વારા કરવામાં આવ્યું.

## ઝાલોદ નગરના નવરાત્રિ નિમિત્તે ખોડીયાર માતાના મંદિરે ધ્વજા રોહણ કરી પૂજા અર્ચના કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૯ ।

આજ રોજ તારીખ ૦૯-૦૪-૨૦૨૪ મંગળવારના રોજ ચૈત્ર સુદ એકમ એટલે કે ચૈત્ર નવરાત્રિનો પહેલો દિવસ. ચૈત્ર સુદી એકમ એટલે કે નવરાત્રિના પાવન અવસરે માઈ ભક્તો માઁ અંબાની આરાધના અને શક્તિ ઉપાસના કરવાનો ભક્તિમય માર્ગ, આ ગુપ્ત નવરાત્રિમા માતા અંબાની પૂજા, અર્ચના, અનુષ્ઠાન કરવાથી વિશેષ ફળની પ્રાપ્તિ થતી હોય છે.

ઝાલોદ નગરના માઈ ભક્તો દ્વારા આજના પવિત્ર દિવસે ખોડીયાર માતાના મંદિરે વિશેષ પૂજા અર્ચના કરી અખંડ દીપ પ્રગટાવીને આરતી કરવામાં આવી હતી. માઈ ભક્તો દ્વારા ખોડીયાર માતાના મંદિરના શિખર પર ધ્વજા આરોહણ પણ કરવામાં આવી હતી. ખોડીયાર માતાનું મંદિર બોલ માડી અંબે જય જય અંબેના ગગનભેદી નારા સાથે ગુંજી ઉઠયું હતું. ખોડીયાર માતાના મંદિરે



આજના દિવસે વિશેષ પૂજા અર્ચના કરવામાં આવી હતી તેમજ ખોડીયાર માતાના ચાચરચોકમાં માઈ ભક્તો મન મુકી ગરબે પણ ઘૂમ્યા હતા. આજના પવિત્ર દિવસે મંદિર મોટા પ્રમાણમાં માઈ ભક્તો ઉમટી પડેલ હતા. તેમજ નવરાત્રીના નવે નવ દિવસે મંદિરે વિશેષ પૂજા અર્ચના સાથે આઠમના દિવસે હવન કરવાનું વિશેષ આયોજન કરવામાં આવેલ છે.

## વૈશ્વિક રોકાણકારો એવા દેશો તરફ જોઈ રહ્યા છે જે ચીનનું સ્થાન લઈ શકે, બીજો વિકલ્પ ભારત!

। નવીદિલ્હી, તા.૯ ।

ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે અમેરિકા અને યુરોપિયન દેશો ભારતને બીજા વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે ભારતે દર વર્ષે ૧૦૦ અબજ ડોલરની યોજના બનાવી છે. વાસ્તવમાં, ભારત સરકારે ૧૦૦ અબજ ડૉલરથી વધુ એટલે કે દર વર્ષે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુની FDIનું લક્ષ્ય નક્કી કર્યું છે. જ્યારથી કોવિડ શરૂ થયો ત્યારથી ત્યાં ઉત્પાદન અને પુરવઠો અટકી ગયો છે. ત્યારથી વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાને લઈને સર્વત્ર શંકાઓ ઉભી થઈ છે.

હવે વૈશ્વિક રોકાણકારો એવા દેશો તરફ જોઈ રહ્યા છે જે ચીનનું સ્થાન લઈ શકે. એક સમયે વૈશ્વિક અર્થતંત્રનું એન્જિન કહેવાતા ચીન પરનો વિશ્વાસ સતત ઘટી રહ્યો છે. અમેરિકા સાથેના સંઘર્ષ બાદ સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. અમેરિકન કંપનીઓ સતત પોતાના માટે નવું ઘર શોધવાનો પ્રયાસ કરી રહી છે. આવી સ્થિતિમાં હવે અમેરિકન અને યુરોપિયન કંપનીઓ ચીનના પાડોશી દેશ ભારતને ખૂબ પસંદ કરી રહી છે. ચીનમાં સ્થિતિ અસ્થિર થતાં જ એપલ ભારત તરફ વળ્યું. તે પછી, વિશ્વની સૌથી મોટી ટેક કંપનીઓમાંથી એક એપલે કહ્યું કે ભારત એકમાત્ર એવો દેશ છે જે ચીનનું સ્થાન લઈ શકે છે. જે બાદ અન્ય કંપનીઓ પણ ધીમે ધીમે પરંતુ ચોક્કસ ભારત તરફ વળે છે. બીજી તરફ આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે પણ એક એવી યોજના બનાવી છે, જેનાથી ૧૦૦ અબજ ડોલરથી વધુની કમાણી થઈ શકે છે એટલે કે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુ એક જ ઝાટકે ગાયબ થઈ જાય છે. ચાલો તમને એ પણ જણાવીએ કે ભારત સરકાર દ્વારા આવી કઈ યોજના બનાવવામાં આવી છે. ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે અમેરિકા અને યુરોપિયન દેશો ભારતને બીજા વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે. આ સંજોગોનો ફાયદો ઉઠાવવા માટે ભારતે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે ભારતે દર વર્ષે ૧૦૦ અબજ ડોલરની યોજના બનાવી છે. ભારત સરકારે ૧૦૦ અબજ ડૉલરથી વધુ એટલે કે દર વર્ષે ૮ લાખ કરોડ રૂપિયાથી વધુની FDIનું લક્ષ્ય નક્કી કર્યું છે. એટલે કે ચીનમાંથી બહાર આવતા કોઈપણ રોકાણકારે માત્ર ભારત તરફ જ વળવું જોઈએ. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, DPIIT સચિવ રાજેશ કુમારે માહિતી આપી છે કે સરકારનું લક્ષ્ય આગામી પાંચ વર્ષમાં સરેરાશ ૧૦૦ અબજ ડોલરનું રોકાણ વધારવાનું છે. FDIને લઈને દેશમાં વાતાવરણ સંપૂર્ણપણે હકારાત્મક છે. તેમાં સતત વધારો જોવા મળી રહ્યો છે.

## રાજ્યમાં કોરોનાની સાથે સ્વાઈનફ્લૂના કેસમાં પણ વધારો

। રાજકોટ, તા.૯ ।

રાજ્યમાં કોરોનાની સાથે સ્વાઈનફ્લૂના કેસમાં પણ વધારો થઈ રહ્યો છે. આ અગાઉ રાજકોટમાં કોટડાસાંગાણીની યુવતીનું સ્વાઈન ફ્લૂથી મોત થયુ હોવાનું સામે આવ્યુ હતુ. રાજકોટ જિલ્લામાં એક માસમાં સ્વાઈન ફ્લૂના ૧૬ દર્દી નોંધાયા હતા. જેમાં જેતપુરમાં ૫ કેસ નોંધાયા હતા. તેમજ ધોરાજી, લોધીકા અને પડધરીમાં એક-એક સ્વાઈન ફ્લૂના કેસ નોંધાયા હતો. આ ઉપરાંત ઉપલેટા, જસદણ અને રાજકોટમાં સ્વાઈન ફ્લૂના ૨ કેસ નોંધાયા હતા. તેમજ અમદાવાદમાં પણ છેલ્લા ૧૦ દિવસમાં સ્વાઈન ફ્લુના ૬૦ જેટલા કેસ નોંધાયા હતા.

સ્વાઈન ફ્લુ એક ચેપી રોગ છે. આ રોગ ઉધરસ કે છીંક ખાતી સમયે છોડવામાં આવતા બેક્ટેરિયાના પગલે સ્વાઈન ફ્લુ ઝડપથી ફેલાય છે. સામાન્ય રીતે ઉનાળા અને ચોમાસાના મહિનામાં સ્વાઈન ફ્લૂના કેસમાં વધારો થાય છે. સ્વાઈન ફ્લુના સામાન્ય લક્ષણોમાં શરદી, તાવ, ઉધરસ, ગળામાં દુખાવો, થાક, ઝાડા, ઉબકા કે ઉલટી, વહેતું નાક વગેરેનો સમાવેશ થાય છે. સ્વાઈન ફ્લુ ગંભીર હોય તો, શ્વાસ લેવામાં તકલીફ, ન્યુમોનિયા, ઓક્સિજનની અછત, છાતીમાં દુખાવો, સતત ચક્કર, ભારે નબળાઈ અને સ્નાયુઓમાં દુખાવો જેવા લક્ષણો દેખાઈ શકે છે. કોરોનાની જેમ સ્વાઈન ફ્લૂ રોગમાં પણ તે દર્દીના ફેફસાને નુકસાન પહોંચાડે છે. આવી સ્થિતિમાં જે લોકો પહેલાથી જ ફેફસાના રોગથી પીડિત છે, જેમની રોગપ્રતિકારક શક્તિ નબળી છે, આવા લોકો આ રોગનો શિકાર બને છે.

## રાજયમાં ધોરણ ૧૨ અને કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પોલીસ ભરતીમાં તક મળશે : હસમુખ પટેલ

। ગાંધીનગર, તા.૯ ।

ગુજરાતમાં પોલીસ અને LRD ની ભરતી માટે ઓનલાઈન ફોર્મ ભરાઈ રહ્યાં છે. આ વચ્ચે ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલ દ્વારા મહત્વની જાહેરા કરવામાં આવી છે. આજે હસમુખ પટેલે પત્રકાર પરિષદ યોજી કેટલીક મહત્વની જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે ઓજસ પર પોલીસ ભરતી માટે અરજી થઈ રહી છે. અત્યાર સુધી ૧.૫૫ લાખ ઉમેદવારોએ અરજી કરી છે. કુલ ૧.૧૮ લાખ અરજીઓ કન્ફર્મ થઈ છે. તેમણે કહ્યું કે ૧૦ લાખ જેટલી અરજીઓ થવાની સંભાવના છે. પોલીસ ભરતી બોર્ડના ચેરમેન હસમુખ પટેલે કહ્યું કે, ધોરણ ૧૨ અને કોલેજના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ પોલીસ ભરતીમાં અરજી કરી શકશે. એટલે કે રાજયમાં ધોરણ ૧૨ અને કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ખુબ સારા સમાચાર સામે આવ્યા છે. પોલીસ ભરતીમાં આ વિદ્યાર્થીઓને પણ તક મળશે. હસમુખ પટેલે કહ્યું કે લોકરક્ષક અને પીએસઆઈ ભરતી માટે ઉમેદવારોને ચોમાસા પછી શારીરિક પરીક્ષા પહેલા અરજી કરવાની તક મળશે.

## આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. મિત્રો તમને એક યાદગાર સાંજ માટે તેમના ઘરે બોલાવશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારૂં મોહિત કરનારો સ્વભાવ તથા ખુશનુમા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં તથા તથા સંપર્કો વધુ ગાઢ બનાવવામાં તમારી મદદ કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો. સંયુક્ત સાહસ તથા ભાગીદારીથી દૂર રહો. જેઓ ઘર ની બહાર રહે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિઝૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. પરિવારના સભ્યો તમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. લાંબા-ગાળાના દૃષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે. આઈટી પ્રૉફેશનલ્સને તમનું કૌવત દેખાડવાની તક મળશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારે નિરાંત અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાની જરૂર છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે તથા તેમને ખુશખુશાલ મિજાજમાં રાખશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. સમજદારીપૂર્વક રોકાણ કરો. બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે. પણ તમારે નાની ચણભણમાં મગજ પરનો કાબુ ન ખોવો જોઈએ કેમ કે એનાથી તમારા હિતોને નુકસાન થશે. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. વેપારીઓ ને આજ પોતાના વેપ ાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. કેટલાક માટે ભેટો તથા ફૂલોથી સભર રૉમેન્ટિક સાંજ જોવાય છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. જમીનને લગતા મોટા સોદા પાર પાડવાની સ્થિતિમાં તમે હશો.

# રશિયન કોન્સર્ટ હોલ હુમલાખોરની કબૂલાત

**। (એજન્સી) મોસ્કો, તા.૯ ।**

મોસ્કોમાં ભરચક કોન્સર્ટ હોલમાં હુમલો કરનાર આતંકવાદીઓએ માત્ર ૯ લાખ રૂપિયામાં ૧૪૫ લોકોની હત્યા કરી હતી. હુમલા બાદ આ આતંકીઓ યુક્રેન ભાગી જવાના હતા. આ માટે તેણે બે રસ્તા પસંદ કર્યા હતા. સરહદ પર એક વ્યક્તિ મળવા જઈ રહ્યો હતો જે આતંકવાદીઓને યુક્રેનની સરહદમાં પ્રવેશવા દેશે. કિવમાં તેને રોકડ રકમ ચૂકવવાની હતી. આતંકીઓએ ખુદ રશિયાની ફેડરલ સિક્યુરિટી સર્વિસ સમક્ષ આ વાતની કબૂલાત કરી છે. ગયા મહિને, ૨૨ માર્ચે, ચાર તાજિક નાગરિકોએ મોસ્કોના ક્રોકસ સિટી હોલમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો અને બિલ્ડિંગને આગ લગાવી દીધી. આ હુમલામાં લગભગ ૧૪૫ લોકો માર્યા ગયા હતા અને ૫૦૦ થી વધુ ઘાયલ થયા હતા. હુમલાખોરો યુક્રેન ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ પછી, વધુ શકમંદોની પણ ધરપકડ કરવામાં આવી હતી, જેમાંથી મોટાભાગના તાજિક મૂળના હતા. મોસ્કો પરના હુમલાની જવાબદારી જેહાદી જૂથ ઈસ્લામિક સ્ટેટ ખોરાસન પ્રાંત અથવા ISIS દ્વારા લેવામાં આવી હતી, જોકે ફેડરલ સિક્યુરિટી સર્વિસના વડા, એલેક્ઝાંડરનું માનવું હતું કે આ હુમલામાં યુએસ, યુકે અને યુક્રેન પણ સામેલ હોઈ શકે છે. તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે આ દેશનો ઉપયોગ ઈસ્લામવાદીઓ માટે પ્રોક્સી તરીકે થઈ રહ્યો છે. એફએસબીના જણાવ્યા અનુસાર, સૈફુલ્લાહ મોસ્કોમાં હુમલો કરનારા આતંકવાદીઓનો હેન્ડલર હતો. આતંકવાદીઓ તેની સૂચનાનું પાલન કરી રહ્યા હતા. FSB દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં પણ આતંકી તેનો ઉલ્લેખ કરતો જોવા મળી રહ્યો છે. તેમના કહેવા પ્રમાણે, હુમલા બાદ આતંકીઓને યુક્રેન ભાગી જવા માટે કહેવામાં આવ્યું હતું. જ્યાં તેમને ૧૦ લાખ રુબેલ્સ એટલે કે અંદાજે ૯ લાખ રૂપિયા પ્રતિ વ્યક્તિ મળવાના હતા. હુમલાના આરોપીએ જણાવ્યું કે સૈફુલ્લાહે કહ્યું હતું કે યુક્રેનની સરહદે પહોંચો, ત્યાંથી અમે યુક્રેન પહોંચવામાં મદદ કરીશું. મોસ્કોમાં હુમલાના આરોપી આતંકવાદીઓને યુક્રેનની સરહદથી લગભગ ૧૪૦ કિમી દૂર રોકવામાં આવ્યા હતા. આરોપીએ જણાવ્યું કે તેને કારને યુક્રેન બોર્ડર પર મૂકવા અને પછી હેન્ડલરને આગળની સૂચનાઓ માટે કૉલ કરવા માટે રોકવા માટે કહેવામાં આવ્યું. રશિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુક્રેન સરહદ પર ચુયકોવકા અને સોપિચ ગામોની નજીક યુક્રેન સતત વિનાશક ગતિવિધિઓ કરી રહ્યું છે. આતંકવાદીઓ આ બે માર્ગો પરથી ભાગી જવાના હતા. કારમાંથી નીકળ્યા બાદ આ આતંકવાદીઓ પગપાળા સરહદ પાર કરવાના હતા.

# કાશ્મીર મુદ્દે સાઉદી અરેબિયાએ પાકિસ્તાનને ભારત સાથે વાતચીત કરીને ઉકેલ શોધવાની સલાહ આપી

### સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સે કાશ્મીર અને અન્ય પેન્ડિંગ મુદ્દાઓને ઉકેલવા માટે નવી દિલ્હી અને ઇસ્લામાબાદ વચ્ચે વાતચીતના મહત્વ પર ભાર મૂક્યો



**। સાઉદી અરેબિયા, તા.૯ ।**

પાકિસ્તાનના નવા ચૂંટાયેલા વડાપ્રધાન શાહબાઝ શરીફ આ દિવસોમાં તેમના પ્રથમ વિદેશ પ્રવાસ પર સાઉદી અરેબિયામાં છે. જો કે સાઉદી અરેબિયાએ કાશ્મીર મુદ્દે પાકિસ્તાનને આંચકો આપ્યો છે. વાતચીતમાં સાઉદીએ સ્પષ્ટ કહ્યું કે કાશ્મીર ભારત અને પાકિસ્તાન વચ્ચેનો દ્વિપક્ષીય મુદ્દો છે. આ સાથે સાઉદીએ પીએમ શાહબાઝને ભારત સાથે વાત કરીને ઉકેલ શોધવાની સલાહ આપી હતી. એક સંયુક્ત નિવેદનમાં, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સે કાશ્મીર અને અન્ય પેન્ડિંગ મુદ્દાઓને ઉકેલવા માટે નવી દિલ્હી અને ઈસ્લામાબાદ વચ્ચે વાતચીતના મહત્વ પર ભાર મૂક્યો હતો. પાકિસ્તાનના વડા પ્રધાન શહેબાઝ શરીફ અને સાઉદી કિંગ પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન વચ્ચે મક્કાના અલ-સફા પેલેસમાં સત્તાવાર બેઠકના એક દિવસ પછી જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં આ વાત કહેવામાં આવી હતી. નિવેદન અનુસાર, તેમની ચર્ચા સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચે ભાઈચારાના સંબંધોને મજબૂત કરવા અને વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવાના માર્ગો શોધવા પર કેન્દ્રિત હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેઓએ કાશ્મીર સહિતના પ્રાદેશિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે, 'બંને પક્ષોએ આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે બંને દેશો વચ્ચેના બાકી રહેલા મુદ્દાઓ, ખાસ કરીને જમ્મુ અને કાશ્મીર વિવાદના ઉકેલ માટે પાકિસ્તાન અને ભારત વચ્ચે વાતચીતના મહત્વ પર ભાર મૂક્યો હતો.' દિલ્હીએ હંમેશા એવું જાળવ્યું છે કે કાશ્મીર એક રાષ્ટ્ર છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેનો દ્વિપક્ષીય મુદ્દો છે અને તેમાં કોઈ તૃતીય પક્ષ દ્વારા મધ્યસ્થી કે દખલગીરીનો પ્રશ્ન નથી. જ્યારે ભારત અને પાકિસ્તાન બંને સાઉદી અરેબિયા સહિતના આરબ દેશો સાથે લાંબા સમયથી મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવી દિલ્હી અને રિયાધ વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર સુધારો થયો છે. સાઉદી અરેબિયાએ જમ્મુ-કાશ્મીર પર સંતુલિત વલણ જાળવી રાખ્યું છે. જ્યારે કિંગડમે ઓગસ્ટ ૨૦૧૯ માં ભારત દ્વારા કલમ ૩૭૦ નાબૂદ કરવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી, ત્યારે તેણે આ ક્રિયાઓની સ્પષ્ટ નિંદા કરી ન હતી, તેના બદલે તેને નવી દિલ્હીની આંતરિક બાબત ગણાવી હતી. ૨૦૧૯ માં, પાકિસ્તાને યુ.એસ.ને વિનંતી કરી કે તે ભારતને કાશ્મીર મુદ્દાના શાંતિપૂર્ણ ઉકેલ પર વાતચીત શરૂ કરવા માટે સમજાવે. આ ત્યારે થયું જ્યારે તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કાશ્મીર મુદ્દે બંને દેશો વચ્ચે મધ્યસ્થી કરવાની ઓફર કરી હતી. જો કે, વિદેશ પ્રધાન એસ જયશંકરે સ્પષ્ટ કર્યું હતું કે આ મુદ્દા પર કોઈપણ ચર્ચા, જો જરૂરી હોય તો, ફક્ત પાકિસ્તાન સાથે અને માત્ર દ્વિપક્ષીય રીતે જ થશે. ભારતે પાકિસ્તાનને વારંવાર કહ્યું છે કે જમ્મુ અને કાશ્મીર ભારતનું અભિન્ન અંગ હતું, છે અને રહેશે. દિલ્હીએ કહ્યું છે કે તે આતંકવાદ, દુશ્મનાવટ અને હિંસાથી મુક્ત વાતાવરણમાં પાકિસ્તાન સાથે સામાન્ય પડોશી સંબંધો ઈચ્છે છે.

# કેનેડા ચીન અને રશિયા જેવી શક્તિઓના ડરથી ત્રસ્ત છે!

**। (એજન્સી) ટોરેન્ટો, તા.૯ ।**

કેનેડાએ સોમવારે, ૮ એપ્રિલે તેના સંરક્ષણ ખર્ચમાં વધારો કર્યો. હકીકતમાં, કેનેડા ચીન અને રશિયાથી ડરે છે, જેના કારણે કેનેડાના વડા પ્રધાન ટ્રૂડોએ શસ્ત્રો માટે તિજોરી ખોલી છે. ટ્રૂડોએ દેશની સુરક્ષા માટે લાંબા અંતરની મિસાઈલો અને નવા વ્યૂહાત્મક હેલિકોપ્ટરની ખરીદી શરૂ કરી છે.

વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ જણાવ્યું હતું કે ઓન્ટારિયો લશ્કરી થાણા પરની સરકાર તેના દરિયાકાંઠે પેટ્રોલિંગ કરવા માટે નવી સબમરીન ઉમેરવાનું વિચારી રહી છે. AUKUS સુરક્ષા ભાગીદારીમાં જોડાવા માટે પણ વાતચીત કરી રહ્યું છે, જ્યાં યુનાઈટેડ સ્ટેટ્સ, બ્રિટન અને ઑસ્ટ્રેલિયા ગુપ્ત માહિતી પર એકબીજાને ટેકો આપે છે. આગામી સપ્તાહે કેનેડિયન સરકારનું બજેટ નવા ભંડોળમાં પાંચ વર્ષમાં $8.1 બિલિયન (US$6 બિલિયન) ની જોગવાઈ કરશે, જે તેની સૈન્ય માટે આગામી બે દાયકામાં કુલ $73 બિલિયન (US$54 બિલિયન)નો એક ભાગ છે.

કેનેડા પહેલા જ નૌકાદળના જહાજો અને F-35 ફાઈટર પ્લેન ખરીદવાની જાહેરાત કરી ચૂક્યું છે. તેની સાથે નોર્થ અમેરિકન એરોસ્પેસ ડિફેન્સ કમાન્ડ (NORAD) હેઠળ ખંડીય સંરક્ષણને આધુનિક બનાવવા માટે પણ રોકાણ કરવામાં આવશે. પીએમ ટ્રૂડોએ કહ્યું કે અમે એક પડકારજનક સમયમાં જીવી રહ્યા છીએ, ટ્રૂડોએ કહ્યું, જ્યારે ૨૦મી સદી દરમિયાન અમે અમારા લોકોને વિશ્વભરમાં આગળની હરોળમાં મોકલ્યા હતા, પરંતુ હવે અમે નવા અને ઉભરતા જોખમોની આગળની લાઈન પર છીએ. તેમણે ચીન અને રશિયા તરફ ઈશારો કરતા આ વાત કહી. નાટોએ દરેક સભ્ય રાષ્ટ્રના સૈન્ય ખર્ચ માટે કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)ના બે ટકાનું લક્ષ્ય નક્કી કર્યું છે. ટ્રૂડોએ કહ્યું કે કેનેડાની લાંબા સમયથી શસ્ત્રો ન ખરીદવા અને સંરક્ષણ પર ખર્ચ ન કરવા બદલ ટીકા થઈ રહી છે, જ્યારે પીએમએ કહ્યું કે કેનેડાએ શસ્ત્રોની ખરીદી માટે વર્તમાન ૧.૩૮ ટકાથી ૨૦૩૦ સુધીમાં ૧.૭૬ ટકા સુધી પહોંચવાનું લક્ષ્ય રાખ્યું છે.

### પાકિસ્તાનમાં સેશન્સ કોર્ટનો દુર્લભ નિર્ણય

# એક વ્યક્તિને ૮૦ કોરડા મારવાની કોર્ટે કરી સજા

### કોર્ટે એ પણ ચુકાદો આપ્યો હતો કે દોષિત ઠેરવ્યા પછી, ફરીદ કાદિર દ્વારા પૂરા પાડવામાં આવેલ પુરાવા કોઈપણ કોર્ટમાં માન્ય રહેશે નહીં

**। (એજન્સી) લાહોર, તા.૯ ।**

પાડોશી દેશ પાકિસ્તાનમાં, કરાચીની એક અદાલતે એક પુરુષને તેની પત્ની પર વ્યભિચારનો ખોટો આરોપ લગાવવા અને તેના બાળકોને નકારવા બદલ ૮૦ કોરડા મારવાની દુર્લભ સજા ફટકારી છે. પાકિસ્તાનમાં આ પ્રકારની સજા હવે સામાન્ય રીતે આપવામાં આવતી નથી. ડોનના અહેવાલ મુજબ, વધારાના જિલ્લા અને સત્ર ન્યાયાધીશ માલીર શહેનાઝ બોહ્યોએ આરોપી ફરીદ કાદિરને ઓછામાં ઓછા ૮૦ કોરડા મારવાની સજા સંભળાવી છે. આ વિવાદાસ્પદ નિર્ણય કઝફ ઓફેન્સીસ (એન્ફોર્સમેન્ટ ઓફ લિમિટેશન) ઓર્ડિનન્સ, ૧૯૭૯ની કલમ ૭(૧) હેઠળ લેવામાં આવ્યો છે, જેમાં લખવામાં આવ્યું છે કે, જે કોઈ કઝફ માટે જવાબદાર છે તેને ૮૦ કોરડા મારવાની સજા કરવામાં આવશે.

ન્યાયાધીશે પોતાના ચુકાદામાં લખ્યું છે કે, "તે એકદમ સ્પષ્ટ છે કે આરોપી જૂઠો છે અને તેણે ફરિયાદી પર તેની પુત્રીના સંબંધમાં વ્યભિચારનો આરોપ મૂક્યો હતો. તેથી તેને કઝફ ઓર્ડિનન્સ ૧૯૭૯ની કલમ ૭ (૦૧) હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યો છે અને તેને ૮૦ કોરડા મારવાની સજા આપવામાં આવી છે." ન્યાયાધીશના ચુકાદામાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે આરોપીને માત્ર કોરડા મારવાની સજા કરવામાં આવી છે, તેથી, તેણે આ શરતને આધીન જામીન પર રહેવું જોઈએ કે તે કોરડાની સજા લાદવા માટે આ અદાલત દ્વારા નિર્દિષ્ટ કરેલા સમયે અને સ્થળે હાજર રહેશે. અને ૧ લાખના જામીન બોન્ડ પણ જમા કરાવવાના રહેશે. કોર્ટે એ પણ ચુકાદો આપ્યો હતો કે દોષિત ઠેરવ્યા પછી, ફરીદ કાદિર દ્વારા પૂરા પાડવામાં આવેલ પુરાવા કોઈપણ કોર્ટમાં માન્ય રહેશે નહીં.

કેસની વિગતો મુજબ, ફરીદ કાદિર (દોષિત)ની પૂર્વ પત્નીએ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે તેના લગ્ન ફેબ્રુઆરી ૨૦૧૫માં થયા હતા અને તે ઓછામાં ઓછા એક મહિનાથી ફરીદ સાથે રહેતી હતી. ડિસેમ્બર ૨૦૧૫માં ફરીદની પત્નીએ એક બાળકીને જન્મ આપ્યો. ફરીદની ભૂતપૂર્વ પત્નીએ કહ્યું, "મારો પતિ (ફરીદ) ભરણપોષણ ચૂકવવા આવ્યો ન હતો અથવા તો મને અને અમારી નવજાત પુત્રીને તેના ઘરે પાછો લઈ ગયો. મેં ફેમિલી કોર્ટમાં કેસ કર્યો અને આદેશ મારી તરફેણમાં આવ્યો. કોર્ટે ફરીદને મારી અને પુત્રીના ભરણપોષણની વ્યવસ્થા કરવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ મારા પતિએ કોર્ટની કાર્યવાહી દરમિયાન કોર્ટમાં બે અરજીઓ રજૂ કરી હતી, જેમાં બાળક માટે ડીએનએ ટેસ્ટની માંગણી કરવામાં આવી હતી અને તેની પુત્રીને નામંજૂર કરવામાં આવી હતી. આ અરજીઓ બાદમાં ફરીદ દ્વારા પાછી ખેંચી લેવામાં આવી હતી.

બીજી તરફ આરોપી ફરીદે તેની પૂર્વ પત્ની દ્વારા લગાવવામાં આવેલા આરોપોને નકારી કાઢતા કહ્યું કે તેની પત્નીએ તેની સાથે માત્ર છ કલાક વિતાવ્યા હતા. ફરીદે કહ્યું, "હું અને મારી પત્ની માત્ર છ કલાક જ સાથે રહ્યા. પછી તે ઘરે ગયો અને ક્યારેય પાછો આવ્યો નહીં. પાકિસ્તાની કાયદા હેઠળ, આ કેસમાં અલગ સજા આપી શકાઈ હોત, પરંતુ દોષિતને ૮૦ કોરડા મારવાની સજા ફટકારવામાં આવી હતી. આ એક એવી સજા છે જે ૭૦ના દશકના ઝિયા ઉલ હકના યુગ પછી જોવામાં આવી નથી. ફરિયાદી સાયરા બાનુએ કહ્યું, "વકીલ તરીકેની મારી ૧૪ વર્ષની સેવા દરમિયાન, મેં કાફ ઓર્ડિનન્સની કલમ ૭ હેઠળ કોરડા મારવાની કોઈ સજા જોઈ નથી." "આ કોરડા મારવાની સજા દાયકાઓમાં શારીરિક સજાના સ્વરૂપમાં તેના પ્રકારની પ્રથમ ઘટના હોઈ શકે છે."

# મલેશિયામાં રમઝાન દરમિયાન લોકડાઉન જેવી સ્થિતિ



**। (એજન્સી) મલેશિયા, તા.૯ ।**

મુસ્લિમ દેશ મલેશિયામાં રમઝાન દરમિયાન લોકડાઉન જેવી સ્થિતિ સર્જાય છે. મલેશિયામાં, રમઝાન મહિનામાં નૈતિક પોલીસિંગ તીવ્ર બને છે, જેના કારણે જો કોઈ ખાતું-પીતું કે રમઝાનના કોઈપણ નિયમોનું ઉલ્લંઘન કરતું પકડાય છે, તો તેને સજા કરવામાં આવે છે. દિવસ દરમિયાન ખાવા-પીતા પકડાયેલા કોઈપણ વ્યક્તિને ૧,૦૦૦ મલેશિયન રિંગિટ (આશરે ૧૬ લાખ રૂપિયા) સુધીનો દંડ અને એક વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. આ ઉપરાંત, રમઝાન દરમિયાન મુસ્લિમોને ખાદ્યપદાર્થો અથવા પીણાં અથવા તમાકુ વેચતા પકડાયેલા બિન-મુસ્લિમોને પણ દંડ થઈ શકે છે. ઈસ્લામિક કેલેન્ડરમાં રમઝાનને સૌથી પવિત્ર મહિનો ગણવામાં આવે છે. આ સમય દરમિયાન બધા મુસ્લિમો ઉપવાસ રાખે છે, જેના કારણે તેઓ દિવસ દરમિયાન ખાવા-પીવાથી દૂર રહે છે અને સૂર્યાસ્ત પછી ઉપવાસ તોડે છે. મલેશિયાના ઘણા ભાગોમાં, નૈતિક પોલીસ દિવસ દરમિયાન ખાતા કે પીતા પકડાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરે છે. મલેશિયાની ૩૪ મિલિયનની વસ્તીમાંથી લગભગ ૨૦.૬ મિલિયન મુસ્લિમો છે, પરંતુ દેશ બૌદ્ધ, ખ્રિસ્તીઓ અને હિંદુઓ સાથે મોટી ચીની અને ભારતીય લઘુમતીઓનું ઘર પણ છે. મુસ્લિમ લગ્ન, તલાક અને ઉપવાસ સહિત અનેક સામાજિક મુદ્દાઓ પર દેશમાં શરિયા કાયદો લાગુ છે. રમઝાન દરમિયાન, ધાર્મિક પોલીસ તેમના પેટ્રોલિંગમાં વધારો કરે છે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓને પકડવા માટે પ્રખ્યાત રેસ્ટોરન્ટમાં પેટ્રોલિંગ કરે છે અને જે કોઈ ખાતું કે પીતું જોવા મળે છે તેને સજા કરવામાં આવે છે. આ વર્ષના ધરપકડના આંકડા હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી, પરંતુ ૨૦૨૩ માં, મલાક્કા રાજ્યમાં ધાર્મિક અધિકારીઓએ રમઝાન મહિના દરમિયાન ખાવામાં પકડાયેલા મુસ્લિમોની લગભગ ૧૦૦ ધરપકડો નોંધી હતી. મેલાકા ઈસ્લામિક ધાર્મિક વિભાગના અધ્યક્ષ, જેએઆઈએમએ જણાવ્યું હતું કે આ વર્ષે રાજ્યભરમાં ૧૦ થી વધુ "હોટસ્પોટ" ઓળખવામાં આવ્યા છે.

### રાજસ્થાનના અલવરમાં કરૂણ બનાવ બન્યો

# પત્નીના રીલ બનાવવાથી દુખી સરકારી કર્મચારીનો આપઘાત

**। (એજન્સી) રાજસ્થાન , તા.૯ ।**

રાજસ્થાનના અલવરમાં આ કરૂણ બનાવ બન્યો હતો. પતિએ ઘણીવાર પત્નીને રીલ ન બનાવવા કહ્યું હતું પરંતુ પત્ની માનતી ન હતી. જેને પગલે બંને વચ્ચે જોરદાર ઝઘડો થતા પત્ની રિસાઈને પિયર જતી રહી હતી. અંતે પરેશાન પતિએ આત્મહત્યા કરી લીધી. આપઘાત કરતા પહેલા યુવકે સોશિયલ મિડીયા પર લાઈવ થઈને અશ્લિલ કોમેન્ટ કરનારા લોકોને જવાબ પણ આપ્યો હતો. પરિવારમાં આ બાબતને લઈને થતા ઝઘડા ગે પણ કહ્યું હતું. રૈણી થાણા વિસ્તારના નાંગલબાસ ગામમાં રહેતા સિધ્ધાર્થ દૌસા સ્વાસ્થય વિભાગમાં એલડીસી પદે ફરજ બજાવતો હતો. દોઢ વર્ષ પહેલા પિતાની જગ્યાએ તેને નોકરી મળી હતી. સિધ્ધાર્થના માયા નામની યુવતી સાથે લગ્ન થયા હતા. ૫ એપ્રિલે સિધ્ધાર્થે આપઘાત કરતા તેના પરિવારજનોએ ૬ એપ્રિલના રોજ એફઆઈઆર દાખલ કરાવી હતી. માયાને સોશિયલ મિડીયા પર રીલ બનાવવાનો શોખ હતો. તે સોશિયલ મિડીયા પર રીલ બનાવીને



મુકતી હતી. જેમાં અશ્લિલ કોમેન્ટને કારણે સિધ્ધાર્થ પરેશાન હતો. જેને કારણે બન્ને વચ્ચે ઝઘડા થતા હતા. દંપત્તીને ત્રણ દિકરી અને એક દિકરો છો. સિધ્ધાર્થે માયાને રીલ બનાવવા મનાઈ કરી તો તેમની વચ્ચે ઝઘડો થયો. અંતે માયા પિયર ચાલી ગઈ હતી. જેમાં માયાએ સિધ્ધાર્થ પર આરોપ લગાવીને પોલીસમાં ફરિયાદ કરી હતી. કહેવાય છે કે સિધ્ધાર્થને દારૂની લત લાગી ગઈ હતી. જેને કારણે પણ બન્ને વચ્ચે ઝઘડા થતા હતા. આત્મહત્યા કરતા પહેલા સિધ્ધાર્થ ઓનલાઈન આવ્યો હતો. તેણે કહ્યું કે તે પણ વિડીયો જોઈ રહી છે. સાંભળી લે , તુ છુટાછેડા લઈ લે. ચાર બાળકો મારી પાસે રહેશે. રતિરામ કોણ છે, હું તારો પતિ છું. હું કહીશ તે થશે. આજે હુ લાઈવ આવ્યો છું. પોતાના ભાઈને મરવા માટે છોડી દઉં. સોશિયલ મિડીયાના માધ્યમથી આ કહી રહ્યો હું મરી જઈશ. મારા ભાઈ અને તેન વચ્ચે લડાઈ ગઈ છે. કેવી રીતે થયું છે. હું મારા ભાઈની સાથે છું. મારી આઈડી અને મારૂ સીમ બધુ જ સાસરીયાઓ પાસે છે. કેટલાક લોકો મને ખોટો કહેશે. પરંતુ હું મારા ભાઈનો સાથ નહી છોડું. મારા મોત માટે જવાબદાર રતિરામ અને માયા છે. મારો ભાઈ સલામત છે. મારા પરિવારની લડાઈ હતી. એવું હું માનુ છું. પરંતુ એવું ન થવું જોઈએ કે કોઈને ફસાવી દેવાય. મેં મારા સાસરીયાના પગ પણ ઘણીવાર પકડ્યા. તેનાથી વધારે કંઈ કરવા માંગતો નથી.પરંતુ હું હવે ચુપ નહી રહું. આ પહેલા મેં ક્યારેય રીલ નથી બનાવી. પરંતું હવે હું મજબુરીમાં લાઈવ આવ્યો છું.

## વિશેષ

### ત્રણ અઠવાડિયાથી ગુમ હતો

# હૈદરાબાદનો રહેવાસી ભારતીય વિદ્યાર્થી અબ્દુલનું અમેરિકામાં મોત

રમઝાન મહિનો પૂરો થવા જઈ રહ્યો છે અને ઈદ નજીક આવી રહી છે, આવી સ્થિતિમાં અમેરિકા ભણવા ગયેલા ભારતીય વિદ્યાર્થી મોહમ્મદ અબ્દુલ અરાફાતના પરિવાર માટે ઈદની ખુશી ઉદાસીમાં ફેરવાઈ ગઈ છે. હકીકતમાં, ન્યુયોર્કમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે ૯ એપ્રિલે માહિતી આપી હતી કે અમેરિકામાં અભ્યાસ કરી રહેલા ભારતીય વિદ્યાર્થી મોહમ્મદ અબ્દુલ અરાફાતનું અવસાન થયું છે. અરાફાતની ઉંમર ૨૫ વર્ષની હોવાનું કહેવાય છે અને તે હૈદરાબાદનો રહેવાસી હતો, તે વર્ષ ૨૦૨૩માં માસ્ટર ડિગ્રી મેળવવા માટે અમેરિકાની ક્લીવલેન્ડ સ્ટેટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા ગયો હતો.

મોહમ્મદ અબ્દુલ અરાફાત લગભગ ત્રણ અઠવાડિયાથી ગુમ હતો, અને કોન્સ્યુલેટે અગાઉ જાણ કરી હતી કે તે અરાફાતના પરિવારના સંપર્કમાં હતો અને તેને શોધવા માટે સ્થાનિક કાયદા એજન્સીઓ સાથે કામ કરી રહ્યો હતો. પરંતુ આજે સવારે (૯ એપ્રિલ) એમ્બેસીએ માહિતી આપી હતી કે અરાફાતનું અવસાન થયું છે. કોન્સ્યુલેટે ટ્વિટર પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "તે જાણીને દુઃખ થયું છે કે મોહમ્મદ અબ્દુલ અરાફાત, જેના માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું હતું, તે ક્લેવલેન્ડ, ઓહિયોમાં મૃત હાલતમાં મળી



આવ્યા છે." મોહમ્મદ અરાફાતના પરિવાર પ્રત્યે અમારી ઊંડી સંવેદના. **IndiainNewYork** એ ટ્વિટ કર્યું કે મોહમ્મદ અબ્દુલ અરાફાતના મૃત્યુની તપાસ સુનિશ્ચિત કરવા માટે તે સ્થાનિક એજન્સીઓના સંપર્કમાં છે.

પોસ્ટમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે અમે તેમના પાર્થિવ દેહને ભારત લાવવા માટે તેમના પરિવારને શક્ય તમામ મદદ કરી રહ્યા છીએ. અરાફાતના પિતા મોહમ્મદ સલીમે જણાવ્યું હતું કે તેમણે તેમના પુત્ર અરાફાત સાથે છેલ્લીવાર ૭ માર્ચે વાત કરી હતી અને ત્યાર બાદ અરાફાતનો ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો.

૧૯ માર્ચના રોજ સલીમને એક અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો જેણે કહ્યું કે અરાફાતનું ડ્રગ ગેંગ દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે અને તેણે અરાફાતના પિતા પાસેથી ઈ૧,૨૦૦ની માંગણી કરી છે. અરાફાતના પિતાએ કહ્યું કે તેમને એક અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો અને ફોન કરનારે તેમને જણાવ્યું હતું કે તેમના પુત્રનું અપહરણ કરવામાં આવ્યું છે અને પૈસાની માંગણી કરવામાં આવી છે. જોકે, અરાફાતના પિતાએ કહ્યું કે ફોન કરનારે પૈસા કેવી રીતે મોકલવા તે જણાવ્યું ન હતું. અરાફાતના પિતાએ વધુમાં કહ્યું કે જ્યારે મેં ફોન કરનારને મને તેના પુત્ર સાથે વાત કરવા દેવા કહ્યું તો તેણે મને તેના પુત્ર સાથે વાત કરવા દેવાની ના પાડી.

આ વર્ષે અમેરિકામાં ઘણા ભારતીયો અને ભારતીય મૂળના વિદ્યાર્થીઓના મોત થયા છે. એક પછી એક મૃત્યુએ અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ અને ભારતમાં તેમના પરિવારોને આઘાત અને પરેશાન કર્યા છે. તાજેતરમાં, ૨૫ વર્ષીય વિવેક સૈનીને ડ્રગ એડિક્ટ દ્વારા મારવામાં આવ્યો હતો અને ૨૭ વર્ષીય વેંકટરામન પિટ્ટલાનું બોટ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. ઘણા વિદ્યાર્થીઓના મોતના કારણોની હજુ પુષ્ટિ થઈ શકી નથી. ભારતીયો શિક્ષણ મેળવવા અમેરિકા તરફ વળે છે. અમેરિકા અનુસાર, વર્ષ ૨૦૨૧-૨૦૨૨ દરમિયાન ૩૫ ટકા વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ માટે અમેરિકા આવ્યા હતા. ડેટા અનુસાર, ૨૦૨૨-૨૦૨૩માં ૨.૬ લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકા ગયા હતા.



અમદાવાદના લાલદરવાજા ખાતે ચૈત્ર મહિનાના નવરાત્રી શરૂ થયા તેથી નગરદેવી ભદ્રમાતાજીના દર્શન માટે આવેલ ભક્તો.



અમદાવાદના લાલદરવાજા ભદ્ર ખાતે મહારાષ્ટ્ર સમાજના નવાવર્ષમાં ગુડી પૂજન કરી રહેલ મહારાષ્ટ્ર લોકો.

## વલસાડમાં અખાદ્ય તેલમાં ભેળસેળ હોવાનું સામે આવ્યું

। (એજન્સી) વલસાડ,તા.૯ ।

વલસાડમાં અખાદ્ય તેલમાં ભેળસેળ હોવાનું સામે આવ્યું. શહેરની જાણીતી કંપનીના બ્રાન્ડેડ તેલમાં ભેળસેળ જોવા મળી. વલસાડના સબ્જી માર્કેટમાં પોલીસ ટીમે દરોડા પાડી તેલનો જથ્થો કબ્જે કર્યો. દરોડામાં તેલના ડબ્બાનો જથ્થો જપ્ત કર્યા બાદ તેમાં ભેળસેળ હોવા મામલે વધુ તપાસ હાથ ધરી છે. આ દરોડામાં વલસાડની એક બ્રાન્ડિંગ તેલની કંપનીમાં ભેળસેળ હોવાની શંકાના આધારે તપાસ હાથ ધરવામાં આવી. તેલ એક રોજિંદી જરૂરિયાત છે ત્યારે તેલમાં ભેળસેળ કરાતા લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. આ મામલે આરોગ્ય તંત્ર દ્વારા બ્રાન્ડેડ કંપનીના તેલના ડબ્બાઓ જપ્ત કરી સેમ્પલની ચકાસણી કરવામાં આવી રહી છે.

## વલસાડમાં ટ્રેનમાંથી જુગારધામ પકડાયું છે દોડતી ટ્રેનમાંથી શકુનિઓ ઝડપાયા

। (એજન્સી) વલસાડ,તા.૯ ।

વલસાડમાં ટ્રેનમાંથી જુગારધામ પકડાયું છે. દોડતી ટ્રેનમાંથી શકુનિઓ ઝડપાયા છે. સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનમાંથી ૧૬ની ધરપકડ કરવામાં આવી છે. નવ પુરુષ અને સાત મહિલા જુગારીઓની ધરપકડ કરવામાં આવી છે. પાર્સલ ડબ્બામાં જુગાર રમાતું હતું. જુગારના શોખીનોના જુગાર રમવાના આ અજબના કીમિયાથી પોલીસ પણ આશ્ચર્યચક્તિ થઈ ગઈ હતી. સૌરાષ્ટ્ર ટ્રેનની ઘટનાના પગલે સૌરાષ્ટ્રની પોલીસ અને રેલ્વે પોલીસ પણ ચાલુ ટ્રેનમાં ચાલતા જુગારથી ચોંકી ગઈ છે. તેના પગલે આગામી સમયમાં પોલીસની સાથે રેલ્વે પોલીસે પણ બધી ટ્રેનોનું ચેકિંગ કરવાનો નિર્ણય લીધો છે. પોલીસે બીજી ટ્રેનમાં પણ આ પ્રકારના જુગારધામની સંભાવનાને ધ્યાનમાં રાખીને તપાસ અભિયાન શરૂ કર્યુ છે.

## મહેસાણામાં મ્યુકર માઇક્રોસીસનો દોઢ વર્ષ બાદ કેસ નોંધાયો

। (એજન્સી) મહેસાણા,તા.૯ ।

કોરોના કાળ દરમિયાન ચર્ચામાં આવેલ મ્યુકર માઈક્રોસીસનો મહેસાણામાં દોઢ વર્ષ બાદ કેસ નોંધાયો હતો. ૫૫ વર્ષીય દશરથજી ઠાકોરને મ્યુકર માઈક્રોસીસ કેસ નોંધાયો છે. નાકમાં ફંગસની ફરિયાદ થતા અમદાવાદની પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે ૩ વખત સર્જરી કરાઈ હતી. ત્યાર બાદ મહેસાણામાં પણ પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે સારવાર કરાઈ હતી. છતાં પણ સારૂ ન થતાં મહેસાણા સિવિલમાં દાખલ કરાયા હતા. જયાં તેમના માટે અલગથી આઈસોલેશન વોર્ડ ઊભો કરાયો છે. આ ઉપ રાંત ૩ તબીબોની ટીમ મોનીટરીંગ હાલ તેમનું મોનીટરીંગ કરી રહી છે.



ધારાસભ્યશ્રી દિનેશભાઇ કુશવાહે ઉપસ્થિત રહી વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની ઉપલબ્ધીઓ અને યોજનાઓ વિષે સંબોધન કરી અમદાવાદ પૂર્વના ઉમેદવાર એચ એસ પટેલને જંગી બહુમતીથી જીતાડવા વધુમાં વધુ મતદાન કરવા- કરાવવા અપીલ કરી.

## ગુજરાત પોલીસના જવાનને જજનું અપમાન કરવું ભારે પડ્યું

। (એજન્સી) સુરત,તા.૯ ।

ગુજરાત પોલીસના એક ઈન્સ્પેક્ટર માટે ન્યાયાધીશ સાથે ગેરવર્તન કરવું મોંઘુ સાબિત થયું. જ્યારે કોર્ટે પોલીસ અધિકારી સામે કોર્ટની અવમાનના બદલ કાર્યવાહી કરવાની ચેતવણી આપી તો તે રડવા લાગ્યો. દુર્વ્યવહારના ત્રણ દિવસ પછી, પોલીસ ઈન્સ્પેક્ટરે કોર્ટમાં રડતા રડતા માફી માગી અને ન્યાયાધીશને તેને માફ કરવા વિનંતી કરી. હકીકતમાં, ૨૦૧૮ના એક કેસમાં, કોર્ટે ઈન્સ્પેક્ટર અલ્પેશ ગબ્બાના વિરુદ્ધ અવમાનના હેઠળ કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. સોમવારે, વરાછા પોલીસ ઈન્સ્પેક્ટર અલ્પેશ ગબાણી કોર્ટમાં શાબ્દિક રીતે રડ્યા હતા જ્યારે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે તેમની સામે ૨૦૧૮ના કેસમાં તિરસ્કારની નોટિસ જારી કરવાની ધમકી આપી હતી. ગયા અઠવાડિયે શુક્રવારે, ગબાણીએ ન્યાયાધીશને કહ્યું હતું કે તેઓ તેમના પર બૂમો પાડી શકતા નથી કારણ કે 'તે પણ એક ગેઝેટેડ ઓફિસર છે'. સુરત જિલ્લા બાર એસોસિએશને પણ ઈન્સ્પેક્ટરના આ વર્તનને વખોડી કાઢ્યું હતું અને તિરસ્કારની નોટિસ મોકલી હતી.સોમવારે જ્યારે આ મામલો કોર્ટમાં સુનાવણી માટે આવ્યો ત્યારે તેણે દાવો કર્યો કે તેણે જાણી જોઈને આવું વર્તન કર્યું નથી અને તે તેની તરફથી ભૂલ હતી.

### પરષોત્તમ રૂપાલા મામલો

# રાજકોટના રાજવી માંધાતાસિંહે પણ ક્ષત્રિયોને કરી સમાધાનની અપીલ

## પૂર્વ વિસ્તારમાં ક્ષત્રિયોએ એક મોટી રેલી કાઢીને રુપાલા સામે રોષ વ્યક્ત કરતા તેમની ટિકિટ પાછી ખેંચી લેવાની માગ કરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૯ ।

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રુપાલા સામે ક્ષત્રિય સમાજમા પ્રવર્તી રહેલો રોષ હજુય શાંત નથી થઈ શક્યો. રુપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલી એક ટિપ્પણી બાદ શરૂ થયેલા આ વિવાદ બાદ તેમની ટિકિટ પાછી ખેંચી લેવાની માગ સાથે દેખાવો કરવામાં આવી રહ્યા છે. સોમવારે પણ રાજકોટના પૂર્વ વિસ્તારમાં ક્ષત્રિયોએ એક મોટી રેલી કાઢીને રુપાલા સામે રોષ વ્યક્ત કરતા તેમની ટિકિટ પાછી ખેંચી લેવાની માગ કરી હતી.

આ મામલે સમાધાન કરવાના ગોંડલના પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજા ઉપરાંત ભાજપના અન્ય સિનિયર નેતાઓના પ્રયાસો નિષ્ફળ રહ્યા બાદ રાજકોટના રાજવી પરિવારના માંધાતાસિંહ જાડેજાએ રુપાલાના નિવેદન અંગે આઘાત વ્યક્ત કરવાની સાથે રાષ્ટ્રહિતને ધ્યાનમાં રાખીને વાતચીતથી આ મુદ્દાનું સમાધાન લાવવા માટે અપીલ કરી હતી. તો બીજી તરફ પોતાની સામે થઈ રહેલા વિરોધ વચ્ચે પરષોત્તમ રુપાલા ૧૬ એપ્રિલે ઉમેદવારી પત્રક ભરશે તેવું પણ જાણવા



મળી રહ્યું છે, તેવામાં હવે સવાલ એ છે કે રુપાલા મુદ્દે ક્ષત્રિયો ચૂંટણીનો બહિષ્કાર કરશે કે પછી સમાધાન? ક્ષત્રિયોના અન્ય એક જૂથ દ્વારા સોમવારે રાજકોટમાં કલેક્ટર ઓફિસ સામે પણ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, પરષોત્તમ રુપાલા પોતે કરેલા નિવેદન અંગે માફી માગી ચૂક્યા છે તેમજ તેમના વતી ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પણ ક્ષત્રિયોની માફી માગી હતી, પરંતુ ક્ષત્રિયો રાજકોટ લોકસભા બેઠક પર ઉમેદવાર બદલવાની પોતાની માગ પર અડગ છે.

આ મામલે પૂર્વ સીએમ વિજય રુપાણીએ પણ એવું નિવેદન આપ્યું હતું કે ક્ષત્રિયો રુપાલાને માફ કરી દેશે, પરંતુ તેમ છતાંય રુપાલા સામે ભડકેલી વિરોધની આગ હજુય ઠરવાનું નામ નથી લઈ રહી. રાજકોટ સિવાય સોમવારે અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં પણ દસક્રોઈ તાલુકાના ક્ષત્રિય સમાજના લોકોએ સુખરાય મહાદેવ મંદિરમાં એકઠા થઈને રુપાલા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું તેમજ દસક્રોઈ મામલતદાર ઓફિસ સુધી રેલી કાઢીને રુપાલાની ઉમેદવારી પાછી ખેંચવાની માગ સાથે આવેદન પત્ર પણ આપ્યું હતું અને સાથે જ એવી ચિમકી પણ ઉચ્ચારી હતી કે જો રુપાલાની ટિકિટ રદ્દ ના થઈ તો ક્ષત્રિયો લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરશે તેમજ ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓને ચૂંટણી પ્રચાર માટે ગામમાં નહીં પ્રવેશવા દેવાય. પરષોત્તમ રુપાલા ભલે ૧૬ એપ્રિલે ઉમેદવારી પત્રક ભરવાની તૈયારી કરી રહ્યા હોય, પરંતુ તેમની સામે શરૂ થયેલો વિરોધ ગુજરાતભરમાં પ્રસરી રહ્યો છે. રુપાલા તાજેતરમાં જ સુરતમાં પણ પ્રચાર કરવા માટે ગયા હતા, પરંતુ સુરતમાં ક્ષત્રિયોની બહુમતી ધરાવતી સોસાયટીઓમાં ભાજપના કાર્યકર્તાઓએ પ્રવેશવું નહીં તેવા લખાણ સાથેના બેનરો લગાવાયેલા જોવા મળ્યા હતા.

### કોંગ્રેસના આગેવાનોએ મનામણા કર્યા

## રૂપાલાને માત આપવા પરેશ ધાનાણીએ ચૂંટણી લડવા માટે તૈયારી બતાવી

। (એજન્સી) રાજકોટ, તા.૯ ।

કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ રાજકોટ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડવા માટે તૈયારી બતાવી છે.ક્ષત્રિય વિવાદને લઈને રૂપાલાના વિરોધમાં પરેશ ધાનાણી મેદાનમાં આવે તેવી સંભાવના પણ છે.પરશોત્તમ રુપાલા ઉમેદવારી પરત નહીં ખેંચે તો પરેશ ધાનાણી ઉમેદવારી કરે તેવી માહિતી પ્રાપ્ત થઈ રહી છે. કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ રાજકોટ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડવા માટે તૈયારી બતાવી છે. ક્ષત્રિય વિવાદને લઈને રૂપાલાના વિરોધમાં પરેશ ધાનાણી મેદાનમાં આવે તેવી સંભાવના પણ છે. પરશોત્તમ રુપાલા ઉમેદવારી પરત નહીં ખેંચે તો પરેશ ધાનાણી ઉમેદવારી કરે તેવી માહિતી પ્રાપ્ત થઈ રહી છે.લોકસભાની ચૂંટણી લડવા માટે કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો મનાવા જાય તેવી શક્યતાઓ છે. શહેર પ્રમુખ અતુલ રાજાણી સહિત ૫૦થી વધુ આગેવાનો પરેશ ધાનાણીના મનામણાં કરે તેવી શક્યતા છે. પરંતુ આ અગાઉ પરેશ ધાનાણી ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવી ચૂક્યા હતા.

### નકલી સરકારી અધિકારીઓનો જાણે રાફડો ફાટ્યો

## નકલી IPS, નકલી PSI અને હવે નકલી મહિલા ડેપ્યુટી કલેક્ટર ઝડપાઈ

। (એજન્સી) સુરત,તા.૯ ।

સુરતના સલાબતપુરા વિસ્તારમાં આવેલા જ્વેલર્સ વેપારીને ત્યાં આ નકલી મહિલા ડેપ્યુટી કલેક્ટર અને તેની સાથેનો ઈસમ જ્વેલરીની ખરીદી કરવા પહોંચ્યા હતા. વેપારીને ડેપ્યુટી કલેક્ટર તરીકેની ઓળખ આપી રૂપિયા ૧૨ લાખનું સોનું ખરીદ્યું હતું. જે બદલામાં આપેલ ચેક રિટર્ન કરાવી છેતરપિંડી આચરવામાં આવી હતી.

નકલી સરકારી અધિકારીઓનો જાણે રાફડો ફાટ્યો હોય તેમ એક બાદ એક નકલી અધિકારીઓ પોલીસના હાથે ઝડપાઈ રહ્યા છે.જેમાં આવી જ એક ઘટના સુરતમાં સામેથી આવી છે.સલાબતપુરા પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, સુરતના વરાછા સ્થિત લંબે હનુમાન રોડ પર શુભ લક્ષ્મી એપાર્ટમેન્ટમાં રહેતા લખા મફાભાઈ રબારી માન દરવાજા ખાતે ચામુંડા જ્વેલર્સ નામે દુકાન ધરાવે છે. ૩૧ માર્ચના રોજ વ્યારા ની હેતલ ચૌધરી તેમની દુકાને સોનાના ઘરેણાની ખરીદી કરવા માટે આવી હતી. હેતલ ચૌધરી સાથે અન્ય એક ઈસમ પણ જોડે હતો. જ્યાં હેતલ ચૌધરીએ ૧૨.૩૮ લાખની કિંમતના સોનાના ઘરેણાં ની ખરીદી કરી તેના બદલામાં અલગ અલગ તારીખના બે ચેક આપ્યા હતા. વેપારીને વિશ્વાસ અને ભરોસામાં લેવા પોતાની ઓળખ ગાંધીનગરના ડેપ્યુટી કલેકટર તરીકેની આપી હતી.







## નરોડામાં ધોળા દિવસે ભરચક વિસ્તારમાં યુવક પર ગોળીબાર થયો

। (એજન્સી) અમદાવાદ,તા.૯ ।

અમદાવાદના નરોડા વિસ્તારમાં આજે સવારે પોતાના ભાઈને ઓફિસે મૂકવા જઈ રહેલા યુવક ઉપર બાઈક પર આવેલા શખસોએ ફાયરિંગ કર્યુ હોવાનો બનાવ સામે આવ્યો છે. અમદાવાદ શહેરમાં આચારસંહિતા હોવાથી અત્યારે સંદર્ભે જાહેરનામું છે અને મોડીરાત સુધી ચેકિંગ ચાલી રહ્યું છે. ત્યારે ધોળે દિવસે યુવક ઉપર ભરચક વિસ્તારમાં ફાયરિંગનો બનાવ બનતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે પ્રશ્નો ઊભા થયા છે. આ ફાયરિંગના બનાવમાં સ્થાનિક પોલીસે સીસીટીવીમાં દેખાતી શકમંદ વ્યક્તિની તપાસ હાથ ધરી છેઁ. એમ.વી. પટેલના જણાવ્યા અનુસાર, નરોડાના સુમિતનાથ સોસાયટી પાસે સવારે ૧૦:૩૦થી ૧૧:૦૦ વાગ્યાના અરસામાં બાઈક પર આવેલા બે શખસે ૩૦થી ૩૨ વર્ષના આસરાના હર્ષિલ ત્રાબડિયા પર બે રાઉન્ડ ઉપરાઉપરી ફાયરિંગ કરી દીધું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨